
क्षरपुरुष
मोह अग्यान भरमना, करम काल और सुंन ।
ए नाम सारे नींद के, निराकार निर्गुण ।।क. हि. २४/१९
फिरे जहां थें नारायन, नाम धराया निगम ।
सुन्य पार ना ले सके, हटके कह्या अगम ।।सनंध ५/४०
ए कहे दोऊ भिंन भिंन, खेल देखन के दोऊ कारन ।
उपज्यो मोह सुरत संचरी, खेल हुआ माया विस्तरी ।।
इत अक्षर को विलस्यो मन, पांच तत्व चौदे भवन ।
यामें महाविष्णु मन मन थें त्रैगुन, तार्थे थिर चर सब उतपन ।।
प्र. हि. ३७/२३,२४
तस्मान्नारायणो जज्ञे स एव प्रणवाभिधः ।
हिरण्यगर्भमपि तं प्रवदन्ति मनीषिणः ।।माहेश्वर तन्त्रः२०/२७
तस्मिन्विमोहजल धावशेत पुरुषो महान ।
तस्मादेव समुत्तस्थौ भूत्वा नारायणः स्वयम् ।।
पञ्चावयव संयुक्तः स एवं प्रणवाभिधा ।
पञ्चावयव संस्थाना ब्रह्माद्याः पञ्चदेवताः ।।
पुराण संहिताः२४/२८,२९
यह विराट पट का नकशा भूगोल की तरह तैयार किया गया है, जिसमें क्षर, अक्षर और अक्षरातीत तीनों ब्रह्मांडों का वर्णन सुक्ष्म रुपसे रखने की कोशिश की गई है। यह गुह्य आध्यात्म ज्ञान शास्त्रों में सुक्ष्म रुपसे निहित है, लेकिन स्पष्ट रुपसे नहीं है। परब्रह्म परमात्मा अक्षरातीत को अगम, निगम कहके छोड दिया गया है। मृत्युलोक एवं अनेक लोकोंवाले अनेक ब्रह्मांडों की उत्पत्ति एवं लय करने वाले शक्तिमान पूर्णब्रह्म परमात्मा अनंत शक्तियों का सहयोग है। वे शक्तियाँ कौन सी है, उनकी शक्ति क्या है और उनका स्थान कहां है उसका वर्णन दर्शाया गया है। इस गुह्य ज्ञान को परब्रह्म परमात्माने स्वयं अपने श्री मुखसे बताया, जो श्री कुलजम स्वरुप में प्रगट किया है। जो यहाँ नकशे के रुप में उतारा गया है। इस को पूर्णरुप से समझने के लिए
विराट पट दर्शन ग्रंथ
का अध्ययन अति आवश्यक है।
निःप्रवेशे निरालोके सर्वतः तमसावृते
ब्रह्माण्डमभूदेक-मक्षरस्य कारणं परम् (विष्णु पु.)
मोहतत्व
महाप्रलय
मोह सागर में अक्षर ब्रह्म का मन (अव्याकृत) स्वप्न में अण्ड रूप में स्थित रहा। उसे सबलिक सूक्ष्म ने चैतन करके जागृत किया, जो 'आदि नारायण' का स्वरुप बना।
मोहजल (नार) में अंडाकार हो कर निवास (अयन) करने से ईसे हिरण्यगर्भ कहा और प्रथम पैदा होने के कारण आदिनारायण या महाविष्णु (महानारायण) कहते हैं। एकोऽहम् बहुस्याम्' यह वृत्ति ईनकी हुई।
महाविष्णु का महाकारण
वासुदेवः संकर्षणः प्रद्युम्नः पुरुषः स्वयम् ।
अनिरुद्ध ईति ब्रह्मन्मूर्ति व्यूहोऽभिधीयते ।।
स विश्व स्तैजसः प्राज्ञ स्तुरीय इति वृत्तिभिः ।
भाः १२/११/२१
वासुदेव संकर्षण प्रद्युम्न अनिरुद्ध
यथासूर्योदये गेहे भ्रमन्ति त्रसरेणवः ।
तथेमे परमाकाशे ब्रह्मांड त्रसरेणवः ।।
यथातरंगा जलधौ तथेमाः सृष्टयः परे ।
उत्पत्त्योत्पत्य लीयन्ते रजांसीव महानिले ।।
(योगवसिष्ठ उ.प्र.)
अनेक ब्रह्मांड
उन्मुनि शक्ति
अनिर्वचनीय शक्ति
इच्छा शक्ति
संसार वृक्ष
यह संसारवृक्ष सर्वशक्तिमान परमात्मा से उत्पन्न हुआ है इसलिये ईसको 'उर्ध्वमूल' कहते हैं।
महाविष्णु के कारण में सात शुन्य
महाविष्णु के सुक्ष्म में महतत्व
महा विद्या
विद्या
सुमना
वासवि शक्ति
सिवकल्याणी शक्ति
शरीर रुपी एक वृक्षमें दो पक्षी-जीव तथा आतम, तामें एक कर्मफल का भोग करता है और एक द्रष्टा होकर रहता हैं।
महाविष्णु के स्थूल में ज्ञान शक्ति गायत्री
चार वेद
इधिद्रिपा शक्ति
ज्योति स्वरुप
मध्यमा शक्ति
उर्ध्वगा शक्ति
चमोचक शक्ति
परमा शक्ति
अध्यात्म अधिदैव अधिभूत महतत्व
असत, जड़ और दुःख प्राकृत प्रलय
उपासनी निरगुन या निरंजन, किन उलंघ्यो न जाय विष्णु को कारन ।
ना सास्त्र ना साधू जन, ऐसा सबै समानी सुंन ।।
प्र. हि. ३४/१०
अष्ट आवरण
पृथ्वी, जल, अग्नि, वायु, आकाश, मन, बुद्धि तथा अहंकार
सत्यलोक
ब्रह्मा की पुरी
वैकुंठ धाम
शिवपुरी
तपलोक तपस्वी पुरुषों का स्थान
जनलोक ब्रह्माके मानसी पुत्रोंका स्थान
महरलोक धर्मराजाकी पुरी, गण निवास
स्वर्गलोक ईन्द्रपुरी, नैमितिक प्रलय में यहां तक नाश होता है
भुवर्लोक पितृगण निवास स्थान
नित्य प्रलय
भुलोक (मृत्युलोक)
अतल बलासूर दानव का लोक
वितल हाटकेश्वर महादेव का स्थान
सुतल बलि राजा का स्थान
तलातल मायासूर का निवास स्थान
महातल कद्रु से उत्पन्न नाग लोक
रसातल निवात, कवच आदि राक्षस
पाताल वासुकी, संख्र, कुलीक आदि नागलोक
शेषशायी नारायण (संकर्षण से)
गीता ९/२५ में कहा गया है की जिस लोक की उपासना करोगे उस लोक में स्थान पाओगे। जीवन के अंतिम क्षणोंमें जिसके नाम की भक्ति करोगे, उस को पाओगे। उत्तम पुरुष परब्रह्म के चरणों में जाने के लीय क्षर-अक्षर से परे अक्षरातीत पूर्णब्रह्म परमात्मा की उपासना करनी चाहिये।

જગતમાં દરેક મનુષ્ય શાશ્વત સુખ અને શાંતિ ઈચ્છે છે અને એટલા માટે જ મનુષ્ય ભૌતિક સુખોથી તૃપ્ત ના થાય તેવી મૃગ તૃષ્ણાનો શિકાર બની જાય છે. જેવી રીતે અગ્નિમાં ઘી પૂરવાથી અગ્નિની જવાળા વધુ પ્રજ્જ્વલીત થતી જાય છે તેવી જ રીતે ઈચ્છાઓ જેમ જેમ તૃપ્ત થતી જાય છે તેમ તેમ નવી ઈચ્છાઓ વધતી જાય આ રીતે ઈચ્છાઓ ક્યારેય શાંત થતી નથી.

ભર્તૃહરીએ કહ્યું છે કે, મનુષ્યનો ચહેરો કરચલીઓથી ભરાઈ ગયો હશે, માથાના વાળ સફેદ થઈ ગયા હશે, શરીરના અન્ય અંગો પણ શિથિલ થઈ ગયાં હશે પરંતુ નવાઈની વાત તે હશે કે તેની તૃષ્ણાઓ સંસારમાં વધતી ને વધતી જ રહેશે.

સાંખ્ય દર્શનમાં પણ એટલા માટે જ કહેવામાં આવ્યું છે કે વિષયના ભોગથી ક્યારેય શાંતિ પ્રાપ્ત થતી નથી. ઈન્દ્રિયોના ભોગથી ઈન્દ્રિયોનું તેજ નષ્ટ થતું જાય છે અને ચિત્તની વાસના વધતી જાય છે. આમ, વિષયોના ભોગથી ક્યારેય શાંતિ મળતી નથી.

શાશ્વત સુખ તથા શાંતિ પ્રાપ્ત કરવા માટે ઉપનિષદોએ એક જ માર્ગ બતાવ્યો છે કે, પ્રેમ અને આનંદના અનંત સાગર એવા પારબ્રહ્મનો આત્મ સાક્ષાત્કાર કરવો.

પરંતુ જ્યાં સુધી આપણને પારબ્રહ્મના ધામ, સ્વરુપ તથા લીલા અને નિજ સ્વરુપની ખબર નહીં પડે ત્યાં સુધી આત્મ સાક્ષાત્કાર કે બ્રહ્મ સાક્ષાત્કારની પ્રક્રિયા થઈ શકશે નહીં. સાંખ્ય દર્શનમાં ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે, જેવી રીતે સાપનો ડંશ હાથ ઉપર લાગે તો હાથના તે ભાગને કાપીને સાપનું ઝેર બહાર કાઢવામાં ન આવે તો મનુષ્યનું મૃત્યુ થઈ શકે છે. તેવી જ રીતે વિષયોથી સંપૂર્ણ રીતે નિવૃત્ત થયા સિવાય કોઈપણ પ્રકારની સુખ શાંતિ પ્રાપ્ત થઈ શકતી નથી. આમ, લૌકિક સુખોનો મોહ છોડ્યા પછી જ અખંડ શાંતિ પ્રાપ્ત થઈ શકે છે.

આ લક્ષ્યને પ્રાપ્ત કરવા બ્રહ્મજ્ઞાનનું શ્રવણ, મનન અને ચિંતન કરવું જોઈએ તથા ધ્યાન દ્વારા બ્રહ્મ સાક્ષાત્કાર નો માર્ગ બતાવ્યો છે.

ઉક્ત વિવેચનાથી એમ સ્પષ્ટ થાય છે કે, જો આપણે અખંડ સુખ અને



Shri Prannath Ji Pustkalay

શાંતિ મેળવવા ઈચ્છતા હોઈએ તો આપણે બ્રહ્મજ્ઞાનના શરણમાં જવું જ પડશે. કારણ કે દર્શન શાસ્ત્રમાં પણ કહેવામાં આવ્યું છે કે, જ્યાં સુધી પારબ્રહ્મનું શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી અખંડ મુક્તિ મળતી નથી અને અજ્ઞાનતાના કારણે જ સંસાર બંધન બની જાય છે.

લાખો યોનિઓમાં ભટકીને જીવને જ્યારે ભક્તિમય સંસ્કારને આધીન વિવેક ચક્ષુ પ્રાપ્ત થતાં વિચાર આવે છે કે, આ તે કેવો સંસાર છે ? જેમાં હું લાખો જન્મોથી ભટકી રહ્યો છું. મારું નિજ સ્વરુપ ક્યું છે ? શરીર, અંતઃકરણ અને પ્રાણોથી રહિત મારું શુદ્ધ સ્વરુપ કેવું છે ? મારું અખંડ ઘર ક્યાં છે ? અસંખ્ય બ્રહ્માંડોને પોતાની સત્તાના સ્વરુપ દ્વારા એક ક્ષણમાં બનાવનારા અને નષ્ટ કરવાવાળા તે પારબ્રહ્મ ક્યાં છે ? કેવા છે ? તેમની લીલા કેવી છે ? અને તેમને પ્રાપ્ત કરવાનો માર્ગ કયો છે ?

અનાદિ કાળથી સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલયનું ચક્ર ચાલતું આવ્યું છે અને ચાલતું જ રહેશે. પ્રત્યેક સૃષ્ટિના વિદ્વાનો ઉપરોક્ત પ્રશ્નોના સમાધાન માટે હંમેશાં પ્રયત્નશીલ રહે છે.

આ પ્રશ્નોનું યોગ્ય સમાધાન પારબ્રહ્મની કૃપા વગર કોઈ જ કરી શકતું નથી. પછી ભલે ને તે બુદ્ધિના સાગર કેમ ગણાતા ના હોય.

આધ્યાત્મિક જ્ઞાનનો પ્રારંભ આ પ્રશ્નોની જિજ્ઞાસાથી શરૂ થાય છે અને સમાપન તેના સમાધાનથી. સંસારના દરેક ધર્મગ્રંથો આ પ્રશ્નોનું સમાધાન શોધવામાં જ પ્રયત્નશીલ હોય છે. પરંતુ તેમાંથી જેમને પારબ્રહ્મ પરમાત્માની કૃપા સંપાદિત થઈ હોય તે વિરલો જ ભાગ્યશાળી હોય છે, જે ધર્મગ્રંથોમાંથી અણમોલ મોતીને એકસૂત્રમાં બાંધીને આ પ્રશ્નોનું યોગ્ય સમાધાન શોધી શકે છે.

જેવી રીતે અંધકારના કણ-કણમાં સૂર્ય વ્યાપક હોતો નથી તેવી રીતે આ માયાવી જગતના કણ-કણમાં સચ્ચિદાનંદ પારબ્રહ્મનું અખંડ નૂરમયી (પ્રકાશમાન) સ્વરુપ વ્યાપક ન હોઈ શકે. આ જગતના કણ-કણમાં પારબ્રહ્મની સત્તા અવશ્ય છે પરંતુ સ્વરુપ નહીં.

વિદ્વાનોના મનમાં પ્રશ્ન સતાવી રહ્યો છે કે, જો પારબ્રહ્મ આનંદનું



Shri Prannath Ji Pustkalay

સ્વરુપ છે તો પછી તેમણે આ દુઃખમયી દુનિયા શા માટે બનાવી ? પારબ્રહ્મ જે અખંડ અને અનાદિ છે તો તેમનું બનાવેલું આ જગત મહાપ્રલયમાં લય કેવી રીતે થઈ જાય છે ? પોતાના ગુણોથી વિપરીત આ પ્રકારની લીલા કોઈ રહસ્ય તરફ સંકેત કરી રહી છે.

ગીતામાં બે પુરુષની વાત કરવામાં આવી છે. ૧. ક્ષર પુરુષ ૨. અક્ષર પુરુષ. દરેક પ્રાણી તથા પંચભૂતાત્મક બધાં જ ક્ષર (નાશવંત) છે. તેનાથી પરે કૂટસ્થ અક્ષરબ્રહ્મ કહેવાય છે. પરંતુ તેમનાથી પણ પરે જે ઉત્તમ પુરુષ અક્ષરાતીત છે તે જ એકમાત્ર સચ્ચિદાનંદ પારબ્રહ્મની શોભાને ધારણ કરે છે.

પુરાણ સંહિતા અનુસાર કેટલાક લોકો વિશ્વને ક્ષર જગત કહે છે અને પ્રકૃતિને અક્ષર કહે છે. તેનાથી પરે રહેલા પુરુષને પુરુષોત્તમ અથવા અક્ષરાતીત કહે છે.

કેટલાક લોકો શોધથી રહિત હોવાના કારણે જીવ અને નારાયણને જ અક્ષર કહે છે. જો આમ જ હોય તો પછી જીવ અને નારાયણ મહાપ્રલયમાં લય થવાની વાત શાસ્ત્રોમાં કહી જ ના હોત. નારાયણ પણ જીવ છે, એટલા માટે તે અક્ષર ના કહી શકાય.

તારતમ જ્ઞાનની દ્રષ્ટિથી ધર્મગ્રંથોના કથનોની સમીક્ષા કરવાથી એ તારણ નીકળે છે કે, સચ્ચિદાનંદ પારબ્રહ્મ જ અક્ષરાતીત (ઉત્તમ પુરુષ) છે, જેમની સત્તાનું સ્વરુપ અક્ષરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મના મન (અવ્યાકૃત) ના સ્વપ્નમાં મોહ સાગરમાં નારાયણનું સ્વરુપ પ્રગટ થાય છે. જેમને ક્ષર પુરુષ કહેવામાં આવે છે. બધા જ જીવો તેમની જ ચેતનાના પ્રતિભાસ (આભાસ) સ્વરુપ છે. સંપૂર્ણ જીવ સમુદાય, પંચભૂતાત્મક જગત, અષ્ટધા પ્રકૃતિ (પંચભૂત મન, બુદ્ધિ, અહંકાર) આદિ નારાયણ તથા મહાશૂન્ય (મોહસાગર) બધું જ ક્ષર પુરુષ અંતર્ગત છે.

---

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कुटस्थोऽक्षर उच्यते ।।
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्शरः ।।
गीता १५/१६, १७



Shri Prannath Ji Pustkalay

જેવી રીતે નીંદ ઊડવાથી સ્વપ્ન તૂટી જાય છે તથા સ્વપ્નનાં તમામ દ્રશ્યો સમાપ્ત થઈ જાય છે તેવી રીતે અક્ષરબ્રહ્મના મનનું સ્વપ્ન તૂટી જવાથી સંપૂર્ણ જગત મહાપ્રલયમાં લીન થઈ જાય છે. આ સંપૂર્ણ બ્રહ્માંડ ક્ષર બ્રહ્માંડ, હદનું બ્રહ્માંડ અથવા તો કાલમાયાનું બ્રહ્માંડ કહેવાય છે. જેમાં ઉદ્દભવનારી તમામ વસ્તુ કાલને આધીન હોવાના કારણે વિનાશ પામે છે. આ બ્રહ્માંડમાં જન્મ-મરણ અને સુખ-દુ:ખનું ચક્ર ચાલ્યા કરે છે.

તેનાથી પરે અક્ષરબ્રહ્મની લીલાનું અખંડ બ્રહ્માંડ છે. જેને બેહદનું અથવા યોગમાયાનું બ્રહ્માંડ કહે છે. તેના કણ-કણમાં કરોડો સૂર્યનો પ્રકાશ છે. આ હદના ત્રિગુણાત્મક જડ બ્રહ્માંડથી વિપરીત ચૈતન્ય બ્રહ્માંડ છે કે જ્યાં બ્રહ્મની અભિન્ન શક્તિ બ્રહ્મ (શક્તિમાન) ની સાથે લીલા કરે છે.

અને આ બેહદથી પણ પરે અખંડ પરમધામ છે. જ્યાં અક્ષરાતીત પારબ્રહ્મની લીલા થાય છે. અહીંના કણ-કણમાં સચ્ચિદાનંદ પારબ્રહ્મનું સ્વરુપ બિરાજમાન છે. અહીંની લીલા પ્રેમ અને આનંદથી પરિપૂર્ણ છે.

પારબ્રહ્મના સ્વરુપ બાબતે અનેક વિદ્વાનોમાં પહેલેથી જ મતભેદ રહ્યા છે. એક જ વેદાંત દર્શનની વ્યાખ્યામાં અનેક મત પ્રવર્તી રહ્યા છે. શંકરાચાર્યજીએ જીવ- બ્રહ્મની એકતાના સંબંધે અદ્વૈતવાદનો સિદ્ધાંત સ્થાપ્યો. રામાનુજ દ્વારા વિશિષ્ટાદ્વૈત, નિમ્બાર્ક દ્વારા દ્વૈત-અદ્વૈત, માધવાચાર્યજીએ દ્વૈત, વલ્લભાચાર્યજીએ શુદ્દાદ્વૈત તથા પ્રાચીન વેદાનુયાયીઓએ દ્વૈતવાદનો સ્વીકાર કર્યો છે. આ બધા મત એકબીજાની સૈદ્ધાંતિક ખામીઓ કાઢતા રહ્યા છે, પરંતુ શ્રી મહામતિજીના તારતમ્યજ્ઞાન ની દ્રષ્ટિ અનુસાર આ બધામાં અદ્ભૂત સમાનતા દેખાય છે, કાલમાયાના બ્રહ્માંડમાં દ્વૈત છે. જ્યાં જીવપ્રકૃતિની લીલા છે. યોગમાયાના બ્રહ્માંડમાં અદ્વૈત છે, જ્યાં અક્ષરબ્રહ્મ પોતાની અભિન્ન સ્વરુપા અખંડ-ચૈતન્ય માયાની સાથે લીલા કરે છે, જ્યારે પરમધામમાં સ્વલીલા અદ્વૈત છે કે જ્યાં સચ્ચિદાનંદ પારબ્રહ્મ પોતાની આનંદ શક્તિ સાથે સ્વયં આત્માઓનું સ્વરુપ ધારણ કરી લીલા કરે છે. ત્યાંના કણ-કણ સચ્ચિદાનંદમયી છે.

જેવી રીતે ચંદ્રમાથી ચાંદની, સાગરથી લહેરો, સૂર્યથી કિરણો અને



Shri Prannath Ji Pustkalay

હાથથી આંગળીઓ જોડાયેલી હોય છે તેવી રીતે સચ્ચિદાનંદ પારબ્રહ્મથી આત્માઓ ક્યારેય અલગ હોતી નથી. પરંતુ આત્માઓ સ્વયં પારબ્રહ્મનું જ સ્વરુપ છે. આ જ **'સ્વલીલા અદ્વૈત'** નું રહસ્ય છે.

તેનાથી વિપરીત કાલમાયાના આ બ્રહ્માંડમાં પ્રાણી ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વોને આધીન રહે છે તેને જીવ કહે છે. જીવ અને આત્મામાં ધર્મગ્રંથોના આધાર પર આ રીતનો તફાવત મળે છે. શ્રુતિનાં કથનો અનુસાર નારાયણ જીવોના સાક્ષાત પારબ્રહ્મ છે અને જીવ નારાયણના આભાસ રૂપ છે. તે સ્વતંત્ર નહીં પરંતુ પરાધીન હોય છે. તેને નિત્ય પણ કહે છે. તેમનું નિત્યત્વ અખંડતા અને ભ્રાન્તિનું મૂળ પણ છે.

સ્વપ્ન સમયે જે પદાર્થની રચના થાય છે તેનું અસ્તિત્વ પણ જ્યાં સુધી નીંદ રહે છે ત્યાં સુધી જ રહે છે. આમ લોકો શાસ્ત્રોના અભિપ્રાયને ન જાણી શકવાના કારણે વિવાદમાં પડે છે.

માહેશ્વર તંત્રના આ કથન દ્વારા સાબિત થાય છે કે, બધા જ જીવોની ઉત્પત્તિ આદિ નારાયણથી થાય છે. આદિ નારાયણને પોતાના નિજ સ્વરુપનું જ્ઞાન થતાંની સાથે જ મહાપ્રલય થઈ જશે અને બધા જીવ પોતાના કારણ રુપ આદિ નારાયણમાં પ્રતિબિંબવાદના સિદ્ધાંતને અનુસાર લીન થઈ જાય છે.

માહેશ્વર તંત્રમાં અક્ષરાતીત પારબ્રહ્મ પોતાના આનંદ સ્વરુપ (શ્યામાજી)ને કહે છે કે, હે પ્રિયે ! મારા માટે તમને માન છે તે ઉચિત છે.આ બધી જ સખીઓ તમારું જ સ્વરૂપ છે એટલા માટે આ બધી મારી જ પ્રિયતમા છે.

પાણીના તરંગોની જેમ તથા આગની જ્વાળાઓની જેમ સખીઓ ક્યારેય પણ તમારાથી અલગ નથી. તેમનામાં આપણો જે પ્રેમ છે તે અનેક પ્રકારનો હોવા છતાં પણ તમારી (શ્યામાજીની) અંદર જ પરિપૂર્ણ થાય છે.

આ રીતે સ્પષ્ટ થાય છે કે, આત્માનો અખંડ સંબંધ અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ સાથે છે અને તેમનું જ સ્વરુપ છે. તેથી વિપરીત જીવોનો સંબંધ ક્ષર પુરુષ (આદિનારાયણ) સાથે છે અને જીવ જન્મ-મરણના ચક્રમાં રહે છે. જ્યારે આત્મા ક્યારેય ભવ બંધનમાં પડતી નથી. જીવ આ દ્વૈતના બ્રહ્માંડમાં જ



Shri Prannath Ji Pustkalay

રહે છે જ્યારે આત્માનું મૂળ નિવાસ (મૂલ ઘર) અખંડ અનાદિ પરમધામ છે.

આ સંપૂર્ણ જગત મોહાત્મક છે જે ત્રિગુણાત્મિકા અવ્યક્ત પ્રકૃતિથી પ્રગટ થયું છે. પ્રેમનું શુદ્ધ સ્વરુપ ત્રિગુણાતીત છે. જ્યારે આ ત્રિગુણાત્મક જગતમાં પ્રેમ નથી તો આનંદ પણ નથી, કારણ આનંદનું સ્વરુપ તો પ્રેમમાં જ સમાયેલું હોય છે. આનંદ વિના શાંતિની કલ્પના પણ વ્યર્થ છે.

ભર્તૃહરીએ કહ્યું છે કે,આપણે ભોગ ભોગવતા નથી પરંતુ ભોગે જ આપણને ભોગવ્યા છે. આપણે તપ કર્યું નથી પરંતુ ત્રિવિધ તાપે જ આપણને તપાવી દીધા. કાળનો સમય પુરો થયો નથી પરંતુ આપણું જ આયુષ્ય પૂર્ણ થઈ ગયું. તૃષ્ણા ઘરડી નથી થઈ પરંતુ આપણે જ વૃદ્ધ થઈ ગયા.

બૃહદ ઉપનિષદમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્ય પોતાની પત્નિ મૈત્રેયીને કહે છે કે, જો સંપૂર્ણ પૃથ્વીને રત્નોથી ભરીને પણ કોઈને આપી દેવામાં આવે તો પણ તેને શાશ્વત શાંતિ તથા અમરત્વ પ્રાપ્ત થતું નથી. આ સંસારમાં આપણી ઈચ્છાને કારણે જ બધું જ પ્રિય લાગે છે. એટલા માટે એક માત્ર પારબ્રહ્મ જ જોવા (દર્શન) યોગ્ય, શ્રવણ (જ્ઞાન) કરવા યોગ્ય તેમજ ધ્યાન કરવા યોગ્ય છે. એ પારબ્રહ્મને જ જાણી લેવાથી, સાંભળી લેવાથી અથવા દર્શન કરી લેવાથી બધું જ જાણી લીધાની પ્રાપ્તિ થઈ જાય છે.

આ રીતે કઠોપનિષદમાં પણ કહ્યું છે કે, આત્મા દ્વારા જેમણે પારબ્રહ્મનો સાક્ષાત્કાર કરી લીધો છે, એક માત્ર તેમની પાસે જ શાશ્વત સુખ અને આનંદ છે અન્ય કોઈ પાસે નહીં.

નચિકેતાને યમાચાર્ય દ્વારા વારંવાર લૌકિક સુખોની લાલચ આપવા છતાં નચિકેતાએ આ લાલચને સદંતર નકારી અને ફક્ત બ્રહ્મજ્ઞાનની જ માંગણી કરી. જો સાંસારિક ભોગોમાં જ શાંતિ પ્રાપ્ત થઈ શકતી હોત તો રાજકુમાર સિદ્ધાર્થને રાજ-પાટ છોડી જંગલમાં વૃક્ષની નીચે સમાધિ લગાવવાની કોઈ જરૂર ન હતી.

હકિકતમાં, આ જગતમાં પારબ્રહ્મના સાક્ષાત્કાર ન થવો અને આધ્યાત્મિકતાથી દૂર રહેવામાં ફક્ત દુઃખ જ દુઃખ પ્રાપ્ત થાય છે. એટલા માટે જ તો સાંખ્ય દર્શનના શ્લોક ૬/૭માં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે, પ્રકૃતિના



Shri Prannath Ji Pustkalay

બંધનથી મુક્ત થયા સિવાય આ જગતમાં કોઈ પણ સુખી નથી અને ક્યાંય પણ સુખ નથી.

શ્રીમદ ભાગવત ગીતામાં યોગેશ્વર શ્રીકૃષ્ણજીએ મહર્ષિ કપિલને સિદ્ધ પુરુષોમાં સર્વોપરી કહ્યા છે. આવાં મહામુનિ કપિલજી પોતાના સાંખ્ય દર્શનમાં કહે છે કે, ત્રણેય પ્રકારનાં દુ:ખ(દૈહિક, દૈવિક, ભૌતિક) થી પૂર્ણરુપે નિવૃત્ત થઈને બ્રહ્માનંદને પ્રાપ્ત કરવો એ જ જીવનનો સૌથી મોટો પુરુષાર્થ છે.

આ રીતે શંકરાચાર્યજીએ પોતાના ગ્રંથ વિવેક ચૂડામણીમાં કહ્યું છે કે, કોઈપણ રીતે આ દુર્લભ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને અને તેમાંય પણ જેમને શ્રુતિના સિદ્ધાંતોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તેવું પુરુષત્વ પ્રાપ્ત કરીને જે મૂઢ (મંદ)બુદ્ધિ પોતાની મુક્તિ માટેનો પ્રયત્ન કરતો નથી તે અસત્ (જડ પ્રકૃતિ) માં વિશ્વાસ રાખવાના કારણે પોતાને નષ્ટ કરે છે અને તે આત્મઘાતી કહેવાય છે.

સંસારનાં સુખ અને ભોગ, વાદળોમાં ગર્જના સાથે ચમકવાવાળી વિજળીની જેમ અસ્થિર છે. કમળના ફૂલ ઉપર રહેલા પાણીનાં ટપકાં, પવનની લહેરોથી પલક વારમાં જ જે રીતે વિખરાઈ જાય છે તે રીતે જીવન પણ ક્ષણભંગુર છે. જીવનના ઉંમગો અને વાસનાઓ પણ અસ્થાયી છે. બુદ્ધિશાળી વ્યક્તિએ આ બધી જ વાતોની હકીકતને સમજીને પોતાના મનને સ્થિર કરી ધીરજપૂર્ણ રીતે બ્રહ્મ ચિંતનમાં લગાવવું. સંસારના વિવિધ પ્રકારનાં સુખ ભોગ ક્ષણિક છે તથા સંસારમાં આવાગમનનું કારણ પણ છે.

આ સંસારમાં કોઈપણ સુખમાં સ્થિરતા નથી. એટલે જ સુખ માટે ભાગદોડ કરવી વ્યર્થ છે. ભોગનો સંગ્રહ બંધ કરી અને પોતાની અપેક્ષારૂપી બંધનનો ત્યાગથી નિર્મળ થયેલ મનને પોતાના આત્મ સ્વરુપ તથા પારબ્રહ્મમાં સ્થિર કરવું, સંસારના ભોગો તરફથી મનને હટાવીને પારબ્રહ્મમાં લગાવવું તે જ સર્વોત્તમ કાર્ય છે.

મનુષ્ય જીવન પાણીમાં ઉઠતી તરંગો સમાન ચંચળ છે. યૌવનનું સૌંદર્ય પણ થોડાક જ દિવસ માટે છે. ધન-સંપત્તિ હવાઈ મહેલ સમાન છે. સુખ-ભોગ વર્ષા ઋતુમાં થતી વીજળી સમાન ક્ષણિક જ છે. પ્રેમિકાઓનું આલિંગન પણ સ્થાયી નથી. એટલા માટે સંસારરૂપી ભવસાગરથી પાર થવા માટે એકમાત્ર



Shri Prannath Ji Pustkalay

સચ્ચિદાનંદ પારબ્રહ્મમાં જ ધ્યાન લગાવો.

બ્રહ્માનંદનો અનુભવ કરનાર મનુષ્યને પારબ્રહ્મ પરમાત્માના પરમ આનંદ સામે ત્રણેય લોકનું રાજ્ય પણ ફિક્કું લાગે છે. બ્રહ્માનંદ જ વાસ્તવિક અને વિશુદ્ધ આનંદ છે જે નિરંતર વધતો જ જાય છે અને તે સિવાયનાં અન્ય બધાં જ સુખ ક્ષણિક છે. એટલા માટે સૌએ આ સચ્ચિદાનંદ પારબ્રહ્મમાં મન લગાવવું.

ખરેખર અધ્યાત્મજ્ઞાનના જિજ્ઞાસુઓએ આઠ પ્રમાણોથી સત્ય-અસત્યની પરીક્ષા કરવી જોઈએ.

૧. પ્રત્યક્ષ : જે પ્રત્યક્ષ અનુભવમાં આવે.
૨. અનુમાન : જે અનુમાન પર આધારિત હોય,
૩. ઉપમાન : જે તુલનાત્મક દ્રષ્ટિથી કહેવાય.
૪. શબ્દ : વેદ અને આપ્તપુરુષ નું કથન.
૫. ઐતિહ્ય : ઐતિહાસિક કથનની સત્યતા.
૬. અર્થાપત્તિ : અર્થ એટલે કારણનું જેમાં વર્ણન હોય.
૭. સંભવ : જેનું મૂળ હોય, શક્યતા હોય.
૮. અભાવ : જેનું અસ્તિત્વ ન હોય.

પરંતુ એ ચોક્કસ ધ્યાન રાખવું જોઈએ કે, જો બધાં આઠેય પ્રમાણો એક તરફ હોય અને શબ્દ પ્રમાણ (વેદનું કથન) તેનાથી વિપરીત હોય તો પણ શબ્દ પ્રમાણને જ સત્ય માનવામાં આવે છે. વેદના કથનથી વિપરીત કોઈપણ કથન સત્ય મનાતું નથી.

તારતમ્ય જ્ઞાનની દ્રષ્ટિથી અધ્યાત્મ જગતના મૂળ પ્રશ્નોનું સમાધાન ટુંકમાં આ પ્રમાણે છે.

**૧. આ સંસાર કેવો છે જેમાં હું લાખો જન્મોથી ભટકી રહ્યો છું ?**

આ સંપૂર્ણ જડ જગત પ્રકૃતિમાં થનારી વિકૃતિથી બનેલું છે તેનું નિમિત્ત કારણ બ્રહ્મ છે અને ઉપાદાન કારણ પ્રકૃતિ છે. પંચભૂતો દ્વારા પ્રગટ થનારા પાંચ વિષયો (શબ્દ, સ્પર્શ, રુપ, રસ અને ગંધ) ના ભોગની તૃષ્ણામાં પ્રાણી ૮૪ લાખ યોનિયોમાં ભટક્યા કરે છે. જ્યાં સુધી ચૈતન્ય (જીવ) માં પ્રકૃતિના સુખના ભોગની વાસના રહેશે ત્યાં સુધી જીવ ભવસાગર પાર કરીને બ્રહ્મનો સાક્ષાત્કાર



Shri Prannath Ji Pustkalay

કરી શકતો નથી અને અખંડ મુક્તિનું સુખ પણ પ્રાપ્ત કરી શકતો નથી.

**૨. મારું નિજ સ્વરુપ શું છે ?**

પોતાના મૂળ સ્વરુપે જીવ શુદ્ધ અને નિર્વિકાર છે પરંતુ આ પ્રાકૃતિક જગતમાં શરીર બંધન દ્વારા જ તેને વિષય-વિકારોમાં ભટકવું પડે છે. તેને પોતાની પૂર્ણ શુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવા માટે પારબ્રહ્મની ઉપાસના રુપ સમ્યક સમાધિ દ્વારા પંચકોષ (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય), ત્રણ શરીરો (સ્થૂળ, શુક્ષ્મ અને કારણ) થી પરે થવું પડશે. સ્થૂળ શરીરમાં ૫ સ્થૂળ તત્વો (આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી) ૫ કર્મેન્દ્રિઓ (મુખ, હાથ, પગ, મળ અને મૂત્ર દ્વાર) ૫ જ્ઞાનેન્દ્રિઓ (આંખ, જીભ, નાક, ત્વચા અને કાન) ૫ તન્માત્રાઓ (શબ્દ, સ્પર્શ, રુપ, રસ અને ગંધ) ૪ અંતઃકરણ (મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકાર) હોય છે. સુક્ષ્મ શરીરમાં ૧૦ ઈન્દ્રિઓ ૫ તન્માત્રાઓ ૪ અંતઃકરણ હોય છે. કારણ શરીરમાં ફક્ત ૪ અંતઃકરણ ચૈતન્ય (જીવ) ની સાથે જોડાયેલ હોય છે.

મહાકારણ સ્વરુપમાં ચૈતન્યની સાથે પ્રકૃત્તિનો સંબંધ સમાપ્ત થવા લાગે છે અને તે પારબ્રહ્મની કૃપાથી પ્રાપ્ત સમાધિ દ્વારા લૌહ-અગ્નિવત્ત બ્રહ્મના સાધર્મ (સમાન ગુણધર્મ ધરાવવાવાળા) ને પ્રાપ્ત કરી લે છે. તેના આ શુદ્ધ સ્વરુપને હંસ કહે છે. બેહદમાં રહેવાવાળી ઈશ્વરી સૃષ્ટિ તથા પરમધામમાં રહેવાવાળી બ્રહ્મસૃષ્ટિને માયાવી બંધન હોતું નથી. તે બ્રહ્મબોધ તથા અનન્ય પ્રેમલક્ષણા ભક્તિના સહારે પોતાના નિજઘરને પ્રાપ્ત કરી લે છે.

**૩. હું કોણ છું ?**

ત્રણ સૃષ્ટિઓ પૈકી હું જીવસૃષ્ટિ છું ? ઈશ્વરી સૃષ્ટિ છું કે બ્રહ્મસૃષ્ટિ છું ? અનન્ય પ્રેમલક્ષણા ભક્તિ તથા જ્ઞાન દ્વારા બ્રહ્મ સૃષ્ટિ અને ઈશ્વરી સૃષ્ટિ અનુક્રમે પરમધામ તથા બેહદ (અક્ષરધામ)માં જશે. અને જીવસૃષ્ટિ પણ વૈકુંઠ નિરાકારથી પરે બેહદમાં અખંડ મુક્તિ પ્રાપ્ત કરશે.

**૪. પારબ્રહ્મ ક્યાં છે?**

ક્ષરપુરુષ નું સ્વરુપ (આદીનારાયણ) મોહસાગરમાં પ્રગટ થયું છે. અક્ષરબ્રહ્મની લીલા બેહદમાં થાય છે તથા આ બધાથી પરે સચ્ચિદાનંદ પારબ્રહ્મનું સ્વરુપ પરમધામના કણ -કણમાં બિરાજમાન છે. આ નાશવંત



Shri Prannath Ji Pustkalay

જગતમાં કણ-કણમાં બ્રહ્મની માત્ર સત્તા જ વ્યાપ્ત છે ટુંકમાં કાલમાયાના આ બ્રહ્માંડથી પરે યોગમાયા છે અને તેનાથી પરે પરમધામ છે.

**૫. પારબ્રહ્મનું સ્વરુપ કેવું છે ?**

સાકાર સ્વરુપ કાં તો દેવી-દેવતાઓનું છે અને મહાપુરુષોનું અથવા કાર્યરુપ સ્થૂળ જડ જગતનું. નિરાકાર સ્વરુપ કારણ રુપ જડ પ્રકૃતિ મહતત્વ, અહંકાર, આકાશ અને વાયુનું છે. સચ્ચિદાનંદ પારબ્રહ્મનું સ્વરુપ સાકાર અને નિરાકારથી પરે શુદ્ધ સ્વરુપ ત્રિગુણાતીત (ત્રણ ગુણથી પરે)છે જેને વેદમાં ભર્ગઃ, આદિત્યવર્ણ વગેરે તથા કુરાન પક્ષમાં નૂર શબ્દથી સંબોધિત કરેલ છે.

**૬. પારબ્રહ્મની લીલા કેવી છે ?**

પ્રેમની અંદર જ આનંદનું સ્વરુપ બિરાજમાન છે. તેથી સચ્ચિદાનંદ અક્ષરાતીત પારબ્રહ્મની લીલા પ્રેમમયી અને આનંદમયી છે. તે આ જગતની જેમ સુખ અને દુઃખની લીલા કરતા નથી.

સંસારનાં બધા મતાનુયાયી એમ તો માને છે કે ‘‘પરમાત્મા માત્ર એક જ છે.’’ તેમ છતાં જગતમાં ફેલાયેલા અજ્ઞાનતાના અંધકારને કારણે ચારેતરફ ‘‘બહુદેવવાદ’ ની આરાધના પ્રચલિત છે.

વેદોનું કહેવું છે કે અનાદી અક્ષરાતીત પારબ્રહ્મ સમાન ન તો કોઈ છે, ન તો કોઈ થયું છે અને ન તો કોઈ થવાનું છે. તેથી જ એ પારબ્રહ્મ સિવાય બીજા કોઈની પૂજા કરવી જોઈએ નહીં.

વેદોમાં સંપૂર્ણ ઐશ્વર્યથી યુક્ત હોવાના કારણે એ બ્રહ્મને જ ઈન્દ્ર કહેવામાં આવ્યા છે. બધાના માટે પ્રીતિના કારણે મિત્ર, સૌથી શ્રેષ્ઠ હોવાથી વરુણ, જ્ઞાન સ્વરુપ હોવાથી સુવર્ણ, મહાન સ્વરુપવાળા હોવાથી ગરુત્થાન તથા પ્રકાશમય હોવાથી દિવ્ય કહેવામાં આવે છે. સત્ય સ્વરુપવાળા અવિનાશી બ્રહ્મ જોકે એક જ છે, પરંતુ તેમને અનેક નામોથી મેધાવીજન પોકારે છે. એ બ્રહ્મને જ બધાના નિયામક હોવાના કારણે યમ તથા અનન્ત બળશાળી હોવાના કારણે મારિન્ધા કહેવામાં આવે છે. પુરાણોમાં એક બ્રહ્મથી અલગ દેવી-દેવતાઓની કલ્પનાએ જ બહુદેવ ઉપાસનામાં સમાજને ભટકાવી રાખ્યો છે.

વર્તમાન સમયમાં ભક્તિ કરવા માટેની અનેક વિધિઓ પ્રચલિત છે.



Shri Prannath Ji Pustkalay

સામાન્ય માનવી માટે આ નિર્ણય કરવો ઘણો અઘરો છે કે તેણે ક્યો માર્ગ અપનાવવો. જેના વડે તે પારબ્રહ્મ સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર કરી શકે.

નારદ ભક્તિ સૂત્રોમાં ભક્તિને પરમ પ્રેમ અને અમૃતનું સ્વરુપ માનવામાં આવ્યું છે, પરંતુ આનો નિર્ણય કેવી રીતે કરી શકાય કે ભક્તિની કઈ વિદ્યા અમારા માટે કલ્યાણકારી છે ? કારણ કે આજકાલ તો સેકડો પંથોની અનેક પદ્ધતિઓ ચાલી રહી છે. નવધા ભક્તિમાં મગ્ન રહેવાવાળા લોકો આરતી, ભોગ, પ્રાર્થના, પરિક્રમા જોર-જોરથી ગાઈને તથા નામ-જપ વગેરેમાં લાગેલા રહે છે, તો યોગ સાધના કરવાવાળા લોકો હઠયોગ, નાદયોગ, લયયોગ, મંત્રયોગ, કુંડલીની જાગરણ, રાજયોગ તથા સુરતિ-શબ્દ યોગમાં મગ્ન રહે છે, તારતમ જ્ઞાનની સુક્ષ્મ દ્રષ્ટિથી વિવેચના કરવાથી જ બ્રહ્મના સાક્ષાત્કારની વાસ્તવિક વિધિની શોધ કરી શકાય છે. ઉપનિષદોમાં લખ્યું છે કે તે બ્રહ્મ મન તથા વાણીથી પરે છે તેથી તે બ્રહ્મને ઈન્દ્રિયોનાં સાધનો, મન અને વાણી તથા બુદ્ધિથી પ્રાપ્ત કરી શકાતા નથી.

કઠોપનિષદે તો સ્પષ્ટ રીતે કહ્યું છે કે, જ્યારે પાંચેય ઈન્દ્રિયો મન સહિત પોતાના કારણમાં લય થઈ જાય છે અને બુદ્ધિ પણ કોઈ પ્રકારની ક્રિયાથી રહિત થઈ જાય છે, તો તેને જ પરમગતિ કહેવામાં આવે છે.

આ કથનથી તો એ નિર્ણય થઈ જાય છે કે નવધા ભક્તિનાં બધાં જ સાધનો (શ્રવણ, કિર્તન, સ્મરણ, અર્ચન, પાદસેવન, વન્દન, દાસ્ય, સાખ્ય અને આત્મનિવેદન) બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવવામાં શક્તિમાન નથી. કારણ કે આ ભક્તિ શરીર, ઈન્દ્રિયો તથા મન, બુદ્ધિના આધાર પર થાય છે. આ પ્રકારની ભક્તિ ફક્ત સાકાર રુપવાળાં દેવી-દેવતાઓ સુધી મર્યાદિત છે.

આ પ્રમાણે હઠયોગની અંદર આવવાવાળા બંધ, મુદ્રા, પ્રાણાયામ વગેરે સાધનાઓથી તથા નાદયોગ, લયયોગ, કુંડલી વગેરેના જાગરણથી પણ નિરાકાર પ્રકૃતિથી પરે થઈ શકાતું નથી, કારણ કે જડ સમાધિની પહોંચ મહાશૂન્યથી (નિરાકાર પ્રકૃતિ) આગળ નથી, પતંજલિના રાજયોગ વડે આત્મસાક્ષાત્કારની સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે. સમ્પ્રજ્ઞાત (જેમાંથી વિચાર, વિતર્ક લુપ્ત થયા નથી) તેવી સમાધિ વડે પ્રકૃતિની છેલ્લી સીમા (મહતત્વ)



Shri Prannath Ji Pustkalay

સુધીનો સાક્ષાત્કાર થઈ શકે છે.

સમ્પ્રજ્ઞાત સમાધિના પછી અસમ્પ્રજ્ઞાત સમાધિની સ્થિતિ માનવામાં આવે છે, જેને નિર્બીજ (નિર્વિકલ્પ) સમાધિ પણ કહેવાય છે. આ યોગ દર્શનની સર્વોત્તમ ઉપલબ્ધિ છે, જેમાં મહતત્વ પણ પ્રકૃતિમાં લીન થઈ જાય છે અને ચેતન જીવન ચિત્ત શક્તિ ફક્ત પોતાના સ્વરુપ માત્રમાં સ્થિત રહી જાય છે. આ જ કારણે આ અવસ્થાને કૈવલ્ય કહેવામાં આવે છે.

આનાથી પણ જુદી એક બીજી અવસ્થા આવે છે, જેમાં 'હંસ' અવસ્થા પ્રાપ્ત થાય છે તથા જીવનું શુદ્ધ સ્વરુપ (હંસ) પરમગુહા (અગીયારમું દ્વાર)માં પહોંચીને બ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે.

ઉપનિષદ, વેદ, વેદાન્ત વગેરેમાં ફક્ત પરમગુહા (અગીયારમું દ્વાર) માં જ બ્રહ્મનાં સાક્ષાત્કારનું વર્ણન છે બીજામાં નહીં.

પરંતુ પરમગુહામાં પણ બ્રહ્મની ત્રિપાદ વિભૂતિ (સબલિક, કેવલ તથા સત્ સ્વરુપ) નો જ સાક્ષાત્કાર થાય છે. વેદનું કહેવું છે કે અક્ષરાતીત પારબ્રહ્મનું સ્વરુપ ત્રિપાદ અમૃતથી પણ અલગ છે. તેથી આ રીતે પણ અક્ષરાતીતનો સાક્ષાત્કાર થઈ શકતો નથી. પરમગુહામાં પ્રવેશ કરીને બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો વેદનો સૌથી ગુહ્ય (ગુપ્ત) યોગ માર્ગ છે. કબીરજી વડે પ્રવર્તિત સૂરતિ-શબ્દ યોગ પણ આ જ માર્ગ છે.

આ પ્રમાણે આપણે એ તારણ પર પહોંચી શકીએ કે અક્ષરાતીત પૂર્ણબ્રહ્મનો સાક્ષાત્કાર કરવા માટે આપણે શરીર, મન, બુદ્ધિ વગેરેના આધારે કરાતી ઉપાસનાની પદ્ધતિઓને છોડીને શ્રી પ્રાણનાથજીની તારતમવાણીના આધારે એ માર્ગનું અનુસરણ કરવું પડશે, જેના વિશે ગીતામાં કહેવાયું છે કે એક માત્ર અનન્ય પ્રેમલક્ષણા ભક્તિ વડે જ પ્રકૃતિથી પરે એ પરમ ઉત્તમ પુરુષ અક્ષરાતીતનો સાક્ષાત્કાર કરી શકાય છે. આ સિવાય બીજો કોઈ જ માર્ગ નથી.

પુરાણસંહિતામાં કહેવામાં આવ્યું છે કે "અક્ષરબ્રહ્મ પૂર્ણ-અખંડ, પ્રકૃતિના ગુણોથી રહિત, આસક્તિ રહિત, નિર્મળ, અનન્ત, ઈચ્છારહિત અને પ્રકૃતિથી પરે છે."

આ જ પ્રમાણે તે અનાદિ પારબ્રહ્મ સત્ ચિત્ અને આનંદ લક્ષણોવાળા



Shri Prannath Ji Pustkalay

છે. રસ તથા રુપના ભેદથી તેઓ હંમેશાં અલગ રહે છે.

ઉપમા રહિત, સ્વલીલા અદ્વૈત તથા ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ ન થનાર તે પારબ્રહ્મ જેને ઈન્દ્રિયોથી જોઈ શકાતા નથી તે પારબ્રહ્મ અતિપ્રેમમયી સ્વરુપને ધારણ કરવાવાળા છે તથા આત્મારુપ સખિઓના અતિ પ્યારા પરમ તત્વ છે.

તે પ્રેમમયી પરમ તત્વને ધારણ કરવા, પ્રેમ કરવા તથા રસ લેવા માટે સખિઓ પ્રત્યક્ષ રુપથી સમર્થ નથી. એટલા માટે તેમને (પરમાત્મા) ને પ્રેમક્રીડા કરવા માટે તેમનું જ અલગ રુપ સ્વામીની (શ્યામાજી) પ્રથમ અંગ છે.

અક્ષરબ્રહ્મના હૃદયને પ્રેમ અને આનંદથી હિલોળા લેનાર સાગરના સ્વભાવથી રહિત જાણવું જોઈએ, જે માત્ર જ્ઞાનનું સ્વરુપ છે અને જે બાળકની જેમ સૃષ્ટિને બનાવવાની અને સંહાર કરવાની લીલા કરે છે.

આથી એ અક્ષરબ્રહ્મમાં પારબ્રહ્મની લીલા જોવાની ઈચ્છા ઉત્પન્ન કરવા માટે અખંડ રુપમાં પ્રેમનો અંશ અલ્પ પ્રમાણમાં રહેલો છે.

એક વખત અક્ષરબ્રહ્મ અક્ષરાતીત પારબ્રહ્મનાં દર્શન કરવા માટે ગયા અને અનન્ય હૃદયથી ફક્ત એ રંગમહોલની ભૂમિકાની બાજુ જોતાં બહુ લાંબા સમય સુધી ઊભા રહ્યા. તે સમયે ત્રીજી ભૂમિકામાં (ત્રીજા માળે) બિરાજમાન અક્ષરાતીત નૃત્ય અને ગાનમાં તલ્લીન સખિયોથી ઘેરાયેલા હતા.

તેમને જોઈને આશ્ચર્ય પામેલા અક્ષરબ્રહ્મ મોહિત મનવાળા થઈ ગયા. ત્યારે તેમણે મનમાં આ વિચાર કર્યો કે અહો ! આ કેટલું અદ્ભૂત સ્વરુપ છે.

આ લીલા અતુલનીય રહસ્યવાળી છે. જોવા માટે વ્યાકુળ હું તેને કેવી રીતે જોઈ શકું ? જો અક્ષરાતીત મારા ઉપર કૃપા કરે તો હું તેને જોઈ શકું.

આ પ્રમાણે અક્ષરાતીતની પ્રિયા(આત્મા)ઓ એ કહ્યું - હે નાથ ! આ પૂર્ણ આનંદમયી ધામમાં વળી શું દુર્લભ હોઈ શકે ? તો પણ હે નાથ ! તમારી પ્રિયાઓમાં એક બહુ મોટી ઈચ્છા છે.

હે પ્રિયતમ ! આ ઈચ્છાની વ્યાકુળતા અમને વધારે વિચલીત કરે છે. તે ઈચ્છાને પૂર્ણ કરીને અમને આનંદિત કરો. અક્ષરબ્રહ્મની પ્રકૃતિની જે વિચિત્ર લીલા છે, તેને જોવાની ઈચ્છા અમારા ચિત્તને વ્યાકુળ કરી રહી છે. હવે કોઈપણ પ્રકારનો વિચાર કર્યા વગર આજે જ અમને એ લીલાનાં દર્શન કરાવો.



Shri Prannath Ji Pustkalay

અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ પોતાની આત્માઓને કહે છે 'પ્રકૃતિની લીલા મોહિત કરવાવાળી તથા આપણાં અમૃતમયી આત્મિક આનંદરુપી દીવાલને શાહીની જેમ કાળી કરવાવાળી છે. જ્યાં ફક્ત પ્રવેશ કરવા માત્રથી જ પોતાની બુદ્ધિ રહેતી નથી'.

જ્યાં પાંચ તત્ત્વોથી બનેલા શરીરને જ પોતાના આત્મિક રુપમાં માનવામાં આવે છે. જેનાથી આત્મિક ગુણો તો છુપાઈ જાય છે.

અને તેમની જગ્યાએ મોહરૂપી દોષો પેદા થઈ જાય છે. હે સખિયો ! તમે ત્યાં જઈને માયાનાં જ કાર્યો કરશો. જે માયામાં આત્માના આનંદને હરણ કરવાવાળી તૃષ્ણા રુપી પિશાચિની છે.

જ્યાં કામ, ક્રોધ વગેરે છ શત્રુઓ છે, જે જીવને પાપમાં ડુબાડીને તથા ક્રૂર કર્મો કરાવીને તેને બળ વગરનો કરીને લૂંટી લે છે.

ત્યાં જઈને તમે અહીંના પોતાના સ્વાભાવિક ગુણો, સૌંદર્ય અને ચતુરાઈથી વિરુદ્ધ થઈ જશો. મને તમે ક્યાંય જોઈ શકશો નહીં અને કાયમ માટે મને ભૂલી જશો.

આ પ્રમાણેનું વર્ણન નારદ પંચતંત્રના અંતર્ગત માહેશ્વરતંત્રમાં પણ કરેલું છે. કુરાનની અંદર 'અલસ્તો બેરબ્બ કુંમ' નું કથન પણ આજ ઈશ્ક-રબ્દ (પ્રેમ-સંવાદ)ની તરફ ઈશારો કરે છે.

થોડા થોડા સમયના અંતરે આત્માઓએ પારબ્રહ્મને ત્રણ વખત પ્રાર્થના કરી. અક્ષરબ્રહ્મ પણ દરરોજ પોતાના હૃદયમાં પરમધામની એ લીલાને જોવાની ઈચ્છા કરતા રહ્યા. પરમધામની એ લીલાના ચિન્તનમાં ખોવાયેલા હૃદયવાળા અક્ષરબ્રહ્મ ધામમાં જઈને પોતાના નિવાસ સ્થાનમાં અખંડ સમાધિની જેમ ધ્યાનસ્થ થઈ ગયા.

આ પ્રમાણે પરમધામમાં આ પ્રેમસંવાદને કારણે આત્માઓની સાથે પારબ્રહ્મને અનહોની ઘટનાના રુપમાં વ્રજ, રાસ તથા જાગની બ્રહ્માંડ (આ વર્તમાન અટ્ઠાવીસમો કળીયુગ) માં આવવું પડ્યું, જેનું વર્ણન આગળ કરવામાં આવશે.

પારબ્રહ્મની જેમ આત્મા પણ ગર્ભવાસ કરતી નથી. એટલે કે



Shri Prannath Ji Pustkalay

પરમધામથી બ્રહ્મસૃષ્ટિઓની સુરતા (ધ્યાન) પોતાના મૂળ પરાત્મના તનોને છોડીને વ્રજમાં યુવાન ગોપીઓના તનોમાં બેસી ગઈ. પરમધામ અનંત સૂર્યો સમાન પ્રકાશમાન છે, ત્યાંથી એક કણ પણ આ નશ્વર જગતમાં આવી શકતો નથી અને અહીંનું કશું જ ત્યાં જઈ શકતું નથી. પુરાણ સંહિતામાં આ તથ્યને ઘણા જ સુંદર શબ્દોમાં વર્ણન કરવામાં આવ્યું છે.

"બાર હજાર સખિઓ, જે અક્ષરાતીતની અંગના છે, માયાનો ખેલ જોવાની ઈચ્છાથી તેમની મનોવૃત્તિ (સુરતા) ગોકુળમાં ગઈ. તેઓ ગોપાલો (ગોપો) ના ઘરનાં કાર્યો કરવા લાગી ગઈ તથા માયાની મિથ્યા ધારણાને આધીન હોવાના કારણે પોતાના વાસ્તવિક સ્વરુપથી અલગ થઈ ગઈ, મૂલમિલાવામાં બિરાજમાન અક્ષરાતીતની એ પ્રિયાઓ પોતાની જગ્યાએ બેસી જ રહી. અક્ષરાતીતની સામે સમૂહબધ્ધ બેઠેલી તેઓ સપનામાં ખેલમાં ખોવાઈ ગઈ.

આ પ્રમાણે એ પ્રિયાઓને પોતાની સામે નાશવંત સંસારના મોહમાં ડૂબેલી જોઈને અતિ કૃપાલુ અક્ષરાતીતે પણ ત્યાં જવાનું પોતાના મનમાં નક્કી કરી લીધું.

કુટસ્થ અક્ષરબ્રહ્મની ચિત્તવૃત્તિમાં પોતાનો આવેશ સ્થાપિત કરીને પુરુષોત્તમ અક્ષરાતીત નંદના ઘેર પ્રગટ થયા.

આ પ્રમાણે અગિયાર વર્ષ બાવન દિવસ સુધી શ્રીકૃષ્ણજીના તનમાં બિરાજમાન અક્ષરાતીતે પોતાની આત્મ સ્વરુપા ગોપીઓની સાથે પ્રેમલીલા કરી. આની અંદર કંસ દ્વારા મોકલાયેલા અઘાસુર, બકાસુર, શકટાસુર વગેરે રાક્ષસોનો પણ વધ કર્યો. ૧૧ વર્ષની પ્રેમમયી લીલા પછી બાવન દિવસની વિરહ લીલા થઈ. ત્યારબાદ મહારાસની લીલા માટે તેમણે યોગમાયાના બ્રહ્માંડમાં પ્રવેશ કર્યો. યોગમાયાનું એ બ્રહ્માંડ આ નશ્વર જગતથી પૂર્ણ રુપે અલગ જ છે. જેમાં ચેતનતા, અખંડતા તથા પ્રકાશમય શોભા છે.

તેમાં લક્ષ્મીના મુખની સમાન સુંદર પૂર્ણિમાના અખંડ સ્વરુપવાળો ચંદ્રમા ઊગેલો હતો, જેની કોમળ કિરણોથી સંપૂર્ણ નિત્ય વૃંદાવન સુશોભિત હતું. અક્ષરાતીતના આવેશે અતિ સુંદર સ્વરુપ ધારણ કરી વાંસળી વગાડી.



Shri Prannath Ji Pustkalay

તે મધુર વાંસળીના અવાજને સાંભળીને કાલમાયાના બ્રહ્માંડની ગોપીઓ પોત-પોતાના તનોને છોડીને યોગમાયાના બ્રહ્માંડમાં પહોંચી અને અલૌકિક તન ધારણ કરીને પોતાના પ્રિયતમની સાથે બ્રહ્માનંદમયી રાસલીલા કરી. રાસલીલાની વચ્ચે વિરહની પણ અનુભૂતિ કરાવીને અક્ષરની આત્માને પણ બતાવી દીધું કે તેઓ યોગમાયાના બ્રહ્માંડમાં પરમધામવાળી જ લીલા જોઈ રહ્યા હતા. ફરીથી અક્ષરાતીતે આવેશ સ્વરુપ (ભજનાનંદ) પ્રગટ કરીને રાસલીલા કરીને બંનેને આનંદિત કર્યાં.

ફરીથી આત્માઓની ઈચ્છાથી પારબ્રહ્મ તેમને પરમધામ લઈ ગયા, જ્યાં તેઓ પોતાના મૂલ તનોમાં જાગૃત થઈ ગઈ. અક્ષરબ્રહ્મની ચિત્તવૃત્તિ (સુરતા) પણ પોતાની પરાત્મમાં જાગૃત થઈ ગઈ. બ્રહ્મસૃષ્ટિઓની માયા જોવાની ઈચ્છા હજી પૂરી ન થવાના કારણે ફરીથી આ નાશવંત જગતમાં આવવું પડ્યું. આ વ્રજ-રાસ તથા જાગણીની લીલામાં અક્ષરબ્રહ્મની સુરતાઓ પણ સાથે-સાથે રહેલી છે.

આજકાલ ચારેબાજુ શ્રીકૃષ્ણ ભક્તિનો પ્રચાર છે, પરંતુ શ્રીકૃષ્ણજીના વાસ્તવિક સ્વરુપની ઓળખાણ કોઈ વિરલા જ લોકોને છે. કોઈકને જ આ વાતની ખબર હશે કે શ્રીકૃષ્ણ નામ તો એક જ રહ્યું છે, પરંતુ તેમાં લીલા કરનાર ત્રણ શક્તિઓ જુદા - જુદા સમયમાં કામ કરતી રહી છે. ૧૧ વર્ષ બાવન દિવસની લીલા પછી જ્યારે અક્ષરાતીતનો આવેશ યોગમાયાના બ્રહ્માંડમાં ગયો, તો આ બ્રહ્માંડનો મહાપ્રલય કરી દીધો હતો તથા ફરીથી આ બ્રહ્માંડને જેવું હતું તેવું જ બનાવી બનાવી દીધું. જેમાં ફરીથી પ્રતિબિંબની રાસલીલા થઈ. જો મહાપ્રલયની સ્થિતિ માનીએ તો પ્રશ્ન એ થાય છે કે વાંસળીનો અવાજ સાંભળતાં જ બધી ગોપીઓ જ્યારે તન છોડીને યોગમાયાના બ્રહ્માંડમાં જતી રહી હતી. તો તેમના દેહ-સંસ્કારનું ક્યાંય વર્ણન કેમ નથી ? પરંતુ ભાગવતમાં તો એ લખ્યું છે કે ગોપોએ પોતાની પત્નીઓ (ગોપીઓ) ને વહેલી સવારે પોતાની પાસે સૂતેલી જોઈ. આ તથ્ય સ્પષ્ટ કરે છે કે આ ગોપીઓ નવી હતી જેમને પહેલાંવાળા બ્રહ્માંડનો મહાપ્રલય થઈ જવાની જરા પણ ખબર ન હતી.

તારતમજ્ઞાનની દ્રષ્ટિ તથા ધર્મગ્રંથોના કથનોથી એ સ્પષ્ટ થાય છે કે



Shri Prannath Ji Pustkalay

૧ ૧ વર્ષ બાવન દિવસ સુધી શ્રીકૃષ્ણજીના તનમાં અક્ષરાતીતના આવેશે લીલા કરી. આ નવું બ્રહ્માંડ બન્યા પછી પ્રતિબિંબ લીલામાં સાત દિવસ ગોકુળમાં અને ચાર દિવસ મથુરામાં ગોલોકની શ્રીકૃષ્ણની શક્તિએ લીલા કરી અને આના પછી ૧ ૧ ૨ વર્ષ સુધી વૈકુંઠ વાસી વિષ્ણુ ભગવાને શ્રીકૃષ્ણના રુપમાં લીલા કરી. કંસનો વધ કર્યા પછી ગોલોકી શક્તિ વ્રજમાં રાધાજીના હૃદયમાં બિરાજમાન થઈ ગઈ હતી.

'બૃહદસદાશિવ સંહિતા'' ગ્રંથમાં ત્રિધાલીલાનું ઘણું જ સુંદર વર્ણન છે, જે આ પ્રમાણે છે - સચ્ચિદાનંદ લક્ષણોવાળા અક્ષરાતીતે જ શ્રીકૃષ્ણના રુપમાં, પ્રિયાઓ વડે પ્રાર્થના કર્યા પછી નિત્ય વૃંદાવનમાં પ્રેમપૂર્વક લીલા કરી.

ખેલ જોવાની ઈચ્છાના કારણે થનાર વિયોગમયી લીલાના વિહારમાં પોતાની પ્રિયાઓનું અનુસરણ કરવાવાળા પારબ્રહ્મ પોતાના અંશરૂપ આવેશની સાથે અક્ષરબ્રહ્મની સુરતા (ચિત્તવૃત્તિ) સહિત વ્રજમંડળમાં જઈને વાસ કર્યો નિત્ય વૃંદાવનની અંદર જે ગુહ્ય લીલા થઈ, તે અક્ષરબ્રહ્મથી પણ પરે સ્થિત અક્ષરાતીતની લીલા હતી. તે ગુહ્યથી પણ ગુહ્ય તથા મન-વાણીથી અગમ છે. તે લીલા હવે અક્ષરબ્રહ્મના હૃદયમાં અખંડ રુપથી રહેલી છે.

વૈકુંઠનો જે વૈભવ છે તે વૈભવ મથુરા તથા દ્વારકામાં રહેલો છે એમ કહેવાય છે. વૃંદાવન અને મધુવનમાં જે લીલા રુપ ઐશ્વર્ય રહેલું છે, તે ગોલોકનાં આશ્રયથી થયું છે.

રાસલીલાના સમયે કુમારીકા દ્વારા સ્તુતી કરવાથી શ્રી કૃષ્ણજીએ પ્રસન્ન થઈને તેમને ઈચ્છાનુકૂળ વરદાન આપ્યું તેથી વૃંદાવન અને મધુવનની અંદર ગોલોકી શ્રી કૃષ્ણજીએ એ સખિઓની સાથે સાત દિવસ સુધી લીલા કરી. ફરીથી વ્રજમંડળને છોડીને મથુરા ચાલ્યા ગયા. ચાર દિવસની અંદર કંસ વગેરેને મારીને ધામ પહુંચાડી દીધા.

ત્યાર બાદ તેઓ પોતાના તેજ સહિત ગોપીઓના હૃદયરૂપી ધામમાં ગુપ્ત રુપે રહ્યા. ત્યારબાદ તેમના વિરહથી વ્યાકુળ ચિત્તવાળી શ્રૃતિ રુપા સખિઓ ગોલોક ધામમાં જતી રહી.

આના પછી તેઓ દ્વારીકા ગયા ત્યાર બાદ વૈકુંઠમાં બિરાજમાન થઈ



Shri Prannath Ji Pustkalay

ગયા.

આ પ્રમાણે શ્રી કૃષ્ણની ત્રિધાલીલાનું આ રહસ્ય ઘણું જ ગોપનીય રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

ધર્મગ્રંથોમાં આ વાત સ્પષ્ટ રૂપે કહેવામાં આવી છે કે ૨૮મા કલિયુગમાં પારબ્રહ્મ પોતાની આત્માઓની સાથે વ્રજની જેમ ફરીથી પ્રગટ થશે. જે આ પ્રમાણે છે - પુરાણસંહિતામાં દર્શાવવામાં આવ્યું છે કે પરમધામની આત્માઓની અંદર નાશવંત જગતની દુ:ખરુપી લીલા જોવા માટેની ઈચ્છા જે ક્યારેય પણ આનાથી પહેલાં ઉત્પન્ન ન થવાવાળી ઈચ્છા હતી. તે પ્રિયતમની સાથે રહેવાના કારણે સ્વાભાવિક રીતે પૂરી થઈ શકી નહીં.

તે ઈચ્છા તેમની અંદર બીજરૂપે રહેલી હતી. સુખની વાસનાનાં લક્ષણોથી સંબંધિત જીવ જ સંસારને પ્રાપ્ત થઈ શકે છે. વાસ્તવમાં જન્મજાત સંસ્કાર પૂર્ણ રુપથી છૂટી શકતા નથી. આ પ્રમાણે અક્ષરાતીતની પ્રિયાઓમાં પણ ખેલ જોવાની પહેલાંવાળી ઈચ્છા યથાવત રહી, તે પૂરી ન થવાના કારણે તે આત્માઓ નિજધામમાં જાગૃત થઈ શકી નહીં. આના પછી પહેલાંની જેમ જ તે કાલમાયા ઉત્પન્ન થઈ તથા માયાનું તે બ્રહ્માંડ ફરીથી બની ગયું. જે પહેલાંવાળા બ્રહ્માંડનાં સ્વભાવ, આકાર, ગુણોવાળું તથા એ જ પ્રમાણે વિશાળ હતું.

પોતાની ઈચ્છા પૂરી ન થવાના કારણે અક્ષરાતીતની તે પ્રિયાઓ આ બ્રહ્માંડમાં પ્રગટ થશે. પોતાના પરમધામમાં થોડા સમય સુધી સુષુપ્તની જેમ રહ્યા પછી કાલમાયાના સ્વપ્નના બ્રહ્માંડમાં ફરીથી અવતરિત થશે. અઠ્ઠાવીસમા કલિયુગમાં પહેલા ચરણમાં ફરીથી માયાનો ખેલ જોવાની ઈચ્છા બાકી રહી જવાના કારણે તેઓ અસહનીય દુ:ખ જોશે, તેઓ જુદા-જુદા દેશોમાં તથા જુદા જુદા કૂળમાં પેદા થશે. કેટલીક આત્માઓ સ્ત્રીઓનું રુપ ધારણ કરશે તો કેટલીક પુરુષોનું.

અજ્ઞાનતાના અગાધ સાગરમાં પ્રિયાઓના ડૂબી જવાના કારણે પ્રિયતમ પારબ્રહ્મ પોતે પોતાના કૃપારુપી મહાસાગરમાં નવડાવશે અર્થાત્ પોતે પ્રગટ થઈને પોતાના અલૌકિક જ્ઞાનથી તેમને જાગૃત કરશે.

પુ.સ. ના અધ્યાય ૩૧ શ્લોક (૫૨-૭૦) શ્લોકમાં આપેલા સંકેતોના



Shri Prannath Ji Pustkalay

આધારે એક શ્લોકની રચના થાય છે જેનો ભાવાર્થ એ છે કે, પરમધામની આત્માઓ સુંદરી અને ઈન્દીરા (શ્યામાજી અને ઇન્દ્રાવતી) જે બે તનોમાં પ્રગટ થશે, તેમનાં નામ ચંદ્ર અને સૂર્ય (દેવચંદ્ર અને મિહિરરાજ) હશે તથા તેમની અંદર સાક્ષાત પારબ્રહ્મ બિરાજમાન થઈને લીલા કરશે. જેનાથી માયાના અજ્ઞાનરુપી અંધકારનો નાશ થઈ જશે.

બૃહત્સદાશિવ સંહિતાની અંદર પણ આ જ વાત કહેવામાં આવી છે કે સચ્ચિદાનંદ સ્વરુપ પારબ્રહ્મની એ સખિઓ જે વ્રજ અને નિત્ય વૃંદાવનની લીલામાં હતી, તેઓ કળિયુગમાં ફરીથી પ્રગટ થશે અને જાગૃત થઈને ફરીથી પોતાના એ ધામમાં જશે. ચિદ્‌ઘન સ્વરુપ પારબ્રહ્મના આવેશથી પૂર્ણ અક્ષરબ્રહ્મની બુદ્ધિ અક્ષરાતીતની પ્રિયાઓને જાગૃત કરવા માટે તથા સંપૂર્ણ લોકો (૧૪ લોકનું આ બ્રહ્માંડ) ને મુક્તિ આપવા માટે ભારતવર્ષમાં પ્રગટ થશે. તે પ્રિયતમ વડે સ્વામિની (શ્યામાજી)ના હૃદયમાં બેસીને ચારે બાજુ ફેલાશે. આ પ્રમાણે પારબ્રહ્મની પ્રિયાઓ એ પરમજ્ઞાનને પ્રાપ્ત કરીને તથા જાગૃત થઈને પોતાની સંપૂર્ણ ઈચ્છાઓને પૂર્ણ કરી પરમ આનંદ લેશે.

ભાગવતનું આ કથન બ્રુ,સ.શિ.સં. ના ઉપરોક્ત કથનથી ઘણું જ અનુકૂળ છે, જેમાં કહેવામાં આવ્યું છે કે શાન્તનુના ભાઈ દેવાપિ તથા ઈક્ષ્વાકુ વંશીય રાજા મરુ આ સમયમાં કલાપ ગામમાં રહે છે. તેઓ બંને મહાન યોગબળવાળા છે. પરમાત્માની પ્રેરણાથી તેઓ બંને કલિયુગમાં પહેલાંની જેમ જ ધર્મની સ્થાપના કરશે.

આ કથનની સાથે પુ.સં. નું તે પહેલાં કહેવામાં આવેલું કથન પણ સાર્થક થઈ જાય છે. જેમાં પારબ્રહ્મ જે બે તનોમાં લીલા કરવાની છે, તેઓ ચંદ્ર અને સૂર્ય નામથી હશે. બંને તનોમાં આત્મા શ્યામાજી અને ઈંદિરા (ઈન્દ્રાવતી) હશે તથા જીવ દેવાપિ અને મરુનો હશે. આ પ્રમાણે એ બંનેનાં તનો આ કળિયુગમાં શ્રીદેવચંદ્રજી અને મિહિરરાજ છે. જેમની અંદર પારબ્રહ્મે લીલા કરી. સંસ્કૃત ભાષામાં મિહિર નો અર્થ સૂર્ય થાય છે. જેના કારણે તેઓ શ્રી નિજાનંદ સ્વામી તથા શ્રી પ્રાણનાથજીના રુપમાં પ્રસિદ્ધ થયા.

ભવિષ્યોત્તર પુરાણ તથા ભવિષ્ય દીપિકા ગ્રંથમાં તો શ્રી નિજાનંદ



Shri Prannath Ji Pustkalay

સ્વામી તથા પ્રાણનાથજીનો પ્રગટનનો સમય પણ લખેલો છે. - "જ્યારે હિન્દુ તથા મુસલમાનોમાં પરસ્પર વિરોધ થશે અને ઔરંગઝેબનું રાજ્ય હશે. ત્યારે વિ.સં. ૧૭૩૮ નો સમય હશે. એ સમયે અક્ષરબ્રહ્મથી પણ પરે સચ્ચિદાનંદ પારબ્રહ્મની શક્તિ ભારતવર્ષમાં ઈન્દ્રાવતી આત્માની અંદર વિજયાભિનંદ બુદ્ધ નિષ્કલંક સ્વરુપમાં પ્રગટ થશે. તેઓ ચિત્રકુટના રમણીય વનક્ષેત્ર (પદ્માવતી પુરી, પન્ના) માં પ્રગટ થશે."

આ વિષયમાં શીખ પંથના 'પુરાતન સૌ સાખી''' (ભવિષ્યકી સાખિયાં) ગ્રંથનાં પૃષ્ઠ - ૬૫, ૬૬ ઉપર સ્પષ્ટ રુપે લખેલું છે.

નેહ કલંક હોય ઉતરસી, મહાબલી અવતાર।<br>
સંત રક્ષા જુગ જુગ કરે, દુષ્ટા કરે સંહાર॥<br>
નવાં ધરમ ચલાવસી, જગમેં હોવન હાર।<br>
નાનક કલજુગ તારસી, કીર્તન નામ આધાર॥

વિ.સં. ૧૭૩૮ નો એ જ સમય છે, જે શાકા શાલિવાહનનાં ૧૬૦૦ વર્ષ પૂર્ણ થવાનો સમય છે. ભવિષ્ય દિપીકા ગ્રંથનું કથન છે કે શાલિવાહન શાકાના ૧૬૦૦ વર્ષ પૂર્ણ થયા પછી સંપૂર્ણ જીવોના ઉદ્ધાર માટે આ બ્રહ્માંડમાં કલ્કિ'નું આગમન થશે.

હિન્દુ ધર્મ ગ્રંથોમાં જે સમય વિ.સં. ૧૭૩૮ શક સંવત ૧૬૦૦ નો છે, તે જ સમય હિજરી સન્ ૧૦૯૦ નો છે. કુરાન હદીસો ના પ્રમાણે પારબ્રહ્મ અલ્લાહ તઆલાના આખરુલ ઈમામ મુહમ્મદ મહેંદી સાહિબુજમાં ના રુપમાં પ્રગટનનો

એ જ સમય છે.

અલ્લાહ કબરમાંથી મડદાઓને કયામતના દિવસે ઊઠાડશે અને પછી બધાંજ તેમની બાજુ જશે.

આ આયતમાં શરીરને કબર કહેવામાં આવ્યું છે. જ્યારે ઈમામ મહેંદી ઈલ્મે લદુની લાવશે, ત્યારે જીવ પણ જાગૃત થઈને પોતાની અને ખુદા (પરમાત્મા) ની ઓળખાણ કરી લેશે. આને જ કબરમાંથી મડદા ઊઠશે એમ કહેવામાં આવ્યું છે. અલ્લાહના કયામતનો સમય આવવાથી જ આ સંભવ થઈ



Shri Prannath Ji Pustkalay

શકશે. આ પ્રમાણે
કયામતનો સમય ખબર પડવાથી ઈમામ મહેંદીના સ્વરુપમાં આવનાર ખુદા(પરમાત્મા) નો સમય પણ સ્પષ્ટ થઈ જશે.

અલ્લાહની તરફથી જબરાઈલ દ્વારા કહેવાયું - આ કાફિર (નાસ્તિક) તમારાથી પૂછે છે કે બતાઓ, જો તમે સાચા હો તો કયામતનો આ વાયદો ક્યારે પૂરો થશે ? કહી દો કે તમારી સાથે એક દિવસનો વાયદો છે.

અહીં એ સ્પષ્ટ છે કે કયામત કાલના (કાલે) રોજ (ફરદારોજ)ની થશે, “અને એ પૈગંબર તમારાથી સજા ની ઉતાવળ કરે છે (કે ક્યાં છે તમારો ખુદાઈ આજાબ ?) અને અલ્લાહ તો ક્યારેય પોતાના વચનથી ફરશે નહીં તેમાં કોઈ શંકાને સ્થાન નથી કે તમારા પરવરદિગારનો એક દિવસ એટલે અહીંનાં તમારી ગણતરીના હિસાબે ૧૦૦૦ વર્ષ બરાબર છે.“

દુનિયાનાં ૧૦૦ વર્ષોની બરાબર ખુદા (પરમાત્મા) ની એક રાત હોય છે. અર્થાત (એટલે કે) ૧૦૦૦ + ૧૦૦=૧૧૦૦ વર્ષ.

આ પ્રમાણે કુરાનના કહેવા પ્રમાણે અગ્યારમી સદીમાં ઈમામ મહેંદી અલ્લાહ તઆલાનું પ્રગટ થવું સિદ્ધ થાય છે.

મુકમ્મલ સહી બુખારી હજરત ઈમામ સફા ૬૬૪/૯ માં પણ કહેવામાં
આવ્યું છે કે કયામતના દિવસે તમે પોતાના અલ્લાહ (પરમાત્મા) નો દિદાર (દર્શન) કરશો અને કોઈ પરેશાની (તકલીફ) થશે નહીં.

કુરાનમાં ક્યામતના સાત નિશાનોમાંથી એક નિશાન એ પણ છે કે ઈમામ મહેંદીની સાથે જાગૃત બુદ્ધિનો ફરિસ્તો અસરાફીલ તથા હુકમની શક્તિ પણ હશે.

આજ વાત બાઈબલમાં પણ કહેવામાં આવી છે કે એક શક્તિશાળી શોર(કોલાહલ) તથા સૌથી મોટા હુકમના ફરિસ્તાઓ અને (પરમાત્મા) મહાન તુરહી(એક પ્રકારનું વાદ્ય યંત્ર) ની સાથે આત્માને ઝંઝોડવાવાળા મોટા અવાજની
સાથે પારબ્રહ્મ પોતાના પરમધામથી પોતે આવશે અને વિશ્વાસ કરનાર એ



Shri Prannath Ji Pustkalay

લોકો, જે મરી ગયા છે તે પારબ્રહ્મને મળવા માટે સૌથી પહેલા ઉઠશે.

બાઈબલના આ કથનમાં જાગૃત બુદ્ધિના ફરિસ્તા અસરાફિલને પારબ્રહ્મની તુરહી કહેવામાં આવ્યું છે. અર્થાત્ શ્રી પ્રાણનાથજી જ્યારે આ દુનિયામાં આવશે ત્યારે તેમની સાથે આત્માને ઝંઝોડવાવાળી નિજબુદ્ધિનું જ્ઞાન, હુકમની શક્તિ તથા અસરાફીલ ફરિસ્તો હશે. મરી ગયેલા લોકોના ફરીથી જીવતા થવાનો અર્થ છે કે પારબ્રહ્મે આપેલા જાગૃત જ્ઞાન ને પામીને (ગ્રહણ કરીને) તેઓ પોતાની તથા અક્ષરાતીત પારબ્રહ્મની વાસ્તવિક ઓળખાણ કરી લેશે.

Supreme Truth God ની સાથે અસરાફીલ તથા હુકમની શક્તિ હોવાથી એ સ્પષ્ટ થાય છે કે બાઈબલના અનુસાર પણ પારબ્રહ્મના આ નશ્વર (નાશવંત) જગતમાં પ્રગટ થવાનો એ જ સમય વિ.સં. ૧૭૩૫ અથવા અગિયારમી સદી ૧૦૯૦ હિજરી છે જે હિન્દુ ધર્મગ્રંથો તથા કુરાનમાં લખ્યું છે.

ધર્મગ્રંથોના કથનો અનુસાર કલાપ ગ્રામના રહેવાસી દેવાપિના જીવે વિ.સં.૧૬૩૮ ના આસો સુદ ચૌદસ ના રોજ મારવાડના ઉમરકોટ ગામમાં શ્રી દેવચંદ્રજીના રુપમાં જન્મ લીધો. તેમના પિતાજીનું નામ શ્રી મતુ મહેતા તથા માતાનું નામ કુંવરબાઈ હતું. પરમધામની શ્યામાજી (પારબ્રહ્મનું આનંદ અંગ) એ તેમના તનમાં પ્રવેશ કર્યો.

જ્યારે શ્રી દેવચંદ્રજીની ઉંમર માત્ર અગિયાર વર્ષની હતી, ત્યારથી જ તેમના મનમાં એ જાણવાની પ્રબળ ઈચ્છા ઉત્પન્ન થઈ ગઈ કે હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? અને મારી આત્માનો ધણી (સ્વામી) કોણ છે ? આ પ્રશ્નોનું નિરાકરણ મેળવવા માટે તેમણે બહુ જ મહેનત કરી, પરંતુ સ્પષ્ટ જવાબ મળ્યો નહિ. થોડા સમય પછી ઉમરકોટથી કચ્છ જતી જાનની પાછળ - પાછળ ચાલતા હતા તે સમયે પારબ્રહ્મ દર્શન આપીને યોગ્ય જગ્યાએ પહોંચાડી દીધા, પરંતુ દેવચંદ્રજી તેમને ઓળખી શક્યા નહિ.

કચ્છમાં પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે તે અનેક જ્ઞાનીઓ, સન્યાસીઓ, વૈરાગીઓ વગેરેની પાસે ગયા. તેમના બતાવેલા માર્ગ પ્રમાણે તેમણે સાધના



Shri Prannath Ji Pustkalay

પણ કરી, પરંતુ તેમને સંતોષ થયો નહિ. છેવટે રાધા-વલ્લભી માર્ગના અનુયાયી હરિદાસજીની પાસે રહીને તે સેવા-ધ્યાન કરવા લાગ્યા. હરિદાસજીએ તેમને દીક્ષા પણ આપી દીધી. ૨૬ વર્ષની ઉંમરે તેમને ધ્યાન દ્વારા બીજી વખત પારબ્રહ્મનો સાક્ષાત્કાર થયો.

ત્યારબાદ હરિદાસજીની પ્રેરણાથી તે નવતનપુરી (જામનગર) આવીને કાન્હજી ભટ્ટની પાસેથી શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવા લાગ્યા. જ્યારે તેમની ઉંમર ૪૦ વર્ષની થઈ ત્યારે શ્યામજીના મંદિરમાં કથા સાંભળતી વખતે સાક્ષાત્ પારબ્રહ્મે તેમને દર્શન આપ્યાં. પારબ્રહ્મ તેમને પરમધામનો ઈશ્ક-રબ્દ, વ્રજ અને રાસલીલા તથા જાગણી બ્રહ્માંડની બધી જ વાતો કહી અને તેમના ધામહૃદયમાં આવેશ સ્વરુપથી બિરાજમાન થઈ ગયા.

આ ઘટના પછી શ્રી દેવચંદ્રજી નિજાનંદ સ્વામી' ના રુપમાં પ્રસિદ્ધ થઈ ગયા તથા તેમના અલૌકિક બ્રહ્મજ્ઞાનની ચર્ચા સાંભળવા માટે અનેક લોકો આવવા
લાગ્યા. તેમના દ્વારા આપેલું તારતમ જ્ઞાનનું અનુસરણ કરવાવાળા "સુંદરસાથ"
કહેવાયા. સુંદરસાથના સમૂહમાં હરિદાસજી પણ હતા, જેમણે પહેલાં શ્રી દેવચંદ્રજીને મંત્ર દીક્ષા આપી હતી.

પહેલાં વર્ણવેલા ધર્મગ્રંથોના કથનો અનુસાર રાજા મરુએ જામનગર રાજ્યના મંત્રી (દિવાન) શ્રી કેશવ ઠાકુર પિતા, માતા ધનબાઈના સુપુત્ર શ્રી મિહિરરાજના રુપમાં જન્મ લીધો. તેમનો જન્મ વિ.સં. ૧૬૭૫માં ભાદરવા વદ ચૌદસના દિવસે થયો હતો. શ્રી મિહિરરાજના તનમાં પરમધામની ઈન્દ્રાવતી (ઈન્દિરા)ની આત્માએ પ્રવેશ કર્યો, જેને પછીથી 'મહામતિ'ની શોભા મળી તથા તેમના ધામ હૃદયમાં બિરાજમાન થઈને પારબ્રહ્મે લીલા કરી.

શ્રી મિહિરરાજે લગભગ બાર વર્ષની ઉંમરમાં સદ્‌ગુરુ ધની શ્રી દેવચંદ્રજીની શરણમાં આવીને તારતમ જ્ઞાન ગ્રહણ કર્યું. શ્રી નિજાનંદ સ્વામી (સદ્‌ગુરુ ધની શ્રી દેવચંદ્રજી) એ તેમને જોઈને જ ઓળખી ગયા કે ભવિષ્યમાં પારબ્રહ્મની લીલા આ તન દ્વારા જ થશે. શ્રી મિહિરરાજના ત્રણ મોટાભાઈ



Shri Prannath Ji Pustkalay

હરિવંશ, સાંવલિયા તથા ગોવર્ધન ઠાકુર હતા અને નાના ભાઈનું નામ ઉદ્ધવ ઠાકુર હતું.

શ્રી મિહિરરાજ નાનપણથી જ એટલા બધા વધારે અલૌકિક પ્રતિભાના સ્વામી હતા કે જામનગરના શ્રીમદ્ ભાગવતના સૌથી મોટા વિદ્વાન કાન્હજી ભટ્ટ તેમના આ પ્રશ્નનો જવાબ આપી શક્યા નહિ કે "મહાપ્રલય પછી પારબ્રહ્મનું સ્વરુપ ક્યાં રહે છે ?" ભટ્ટજીએ સ્પષ્ટ રુપથી કહી દીધું હતું કે આનો જવાબ બ્રહ્માજીની પાસે પણ નથી.

થોડા સમય પછી પરમધામનાં દર્શન માટે શ્રી મિહિરરાજજીએ એટલી કઠોર સાધના કરી કે તેમનું શરીર ખૂબ જ કમજોર (નબળું) થઈ ગયું. પરંતુ તેમણે પરમધામની એક ઝલક તો મેળવી જ લીધી. તે સમય દરમ્યાન શ્રી નિજાનંદ સ્વામીએ તેમને સેવા કાર્ય માટે અરબ દેશ મોકલી દીધા, જ્યાં તે લગભગ પાંચ વર્ષ સુધી રહયા. પાછા આવી ગયા પછી અમુક કારણોને લીધે તેમને શ્રી નિજાનંદ સ્વામીનું સાનિધ્ય પ્રાપ્ત થઈ શક્યું નહિ.

વિ.સં. ૧૭૧૨ માં સદ્‌ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીનું ધામગમન (દેહત્યાગ)
થયું તે પહેલાં તેમણે શ્રી મિહિરરાજજીને બોલાવી ભવિષ્યની બધી વાતો બતાવી દીધી કે ભવિષ્યમાં થનારી જાગણી લીલા તમારા તનથી થશે. સદ્‌ગુરુ ધની શ્રી દેવચંદ્રજીના ધામગમન પછી શ્રી મિહિરરાજે ધર્મ પ્રચારનું ઉત્તરદાયિત્વ સંભાળ્યું.

શ્રી મિહિરરાજજીએ આત્મ જાગૃતિના હેતુ માટે બધા સુંદરસાથને ભેગા
કરવાની યોજના બનાવી. પરંતુ જામનગરના વજીરને ત્યાં ખોટી ચુગલીને કારણે હબ્સામાં તેમને નજરકેદ થવું પડ્યું. અહીં પોતાના પ્રિયતમના વિરહમાં તડપી-તડપીને તેમણે પોતાના શરીરને માત્ર હાડપિંજર બનાવી દીધું. આખરે સચ્ચિદાનંદ પારબ્રહ્મ તેમને દર્શન આપીને તેમના ધામહૃદયમાં બિરાજમાન થયા. હવે બધાએ તેમને પ્રાણનાથ, ધામધણી, શ્રીરાજ, શ્રીજી વગેરે કહેવાનું શરૂ કરી દીધું કારણ કે આ શબ્દોનો અર્થ થાય છે અક્ષરાતીત.



Shri Prannath Ji Pustkalay

હવે તેમના તનથી પારબ્રહ્મના આવેશ સ્વરુપ દ્વારા "શ્રીમુખવાણી" નું અવતરણ થવાનું શરૂ થઈ ગયું. સૌથી પહેલાં 'રાસ' ગ્રંથ ઉતર્યો, જેમાં મહારાસની અખંડ લીલા તથા પારબ્રહ્મ દ્વારા ધારણ કરેલાં યુગલ સ્વરુપની શોભાનું વર્ણન છે. આના પછી 'પ્રકાશ' અને 'ષટ્ઋતુ' ગ્રંથ ઉતર્યો. પરમધામની આત્માઓની જાગણી માટે સમય - સમય પર જુદી-જુદી જગ્યાઓ પર આવશ્યકતા પ્રમાણે વાણી ઉતરતી રહી. ખિલવત, પરિક્રમા, સાગર, સિનગાર તથા સિંઘી' વગેરે ગ્રંથોમાં પરમધામનો આનંદ વર્ણવેલો છે. સનંધ, ખુલાસા, મારફત સાગર તથા ક્યામતનામા માં કુરાનની હકીકત અને મારફતના ભેદોને સ્પષ્ટ કરી બતાવ્યા છે, જેનાથી શરીયતના નામ પર થનારા હિન્દુ-મુસ્લિમના વિરોધને દૂર કરી શાંતિનો માર્ગ અપનાવી શકાય 'કિરંતન' ગ્રંથ સંપૂર્ણ વાણીનો સાર છે, જેમાં વેદ-વેદાંત તથા ભાગવત વગેરેના રહસ્યમય અને જેના જવાબો નથી મળ્યા તેવા પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું છે. 'કલશ' ગ્રંથમાં પણ હિન્દુ ધર્મ ગ્રંથોના રહસ્યોને ખૂબ જ સારી રીતે રજૂ કરવામાં આવ્યા છે.

વસ્તુતઃ શ્રી પ્રાણનાથજીના મુખારવિંદથી અવતરિત થવાવાળી બ્રહ્મવાણીની મહત્તાને તે જ સમજી શકે છે, જે સંપૂર્ણ વેદ-વેદાંત તથા કતેબ ગ્રંથોમાં ડૂબકી મારતાં - મારતાં થાકી ગયો હોય, પરંતુ યથાર્થ સત્યને જાણવાનો સાચો જિજ્ઞાસુ હોય.

હવે શ્રી પ્રાણનાથજી પરમધામની આત્માઓને જાગૃત કરવાના હેતુથી દેશ- વિદેશમાં ભ્રમણ કરવા લાગ્યા. યાત્રાની મુશ્કેલીઓ હોવા છતાં પણ ભારત વર્ષનાં કેટલાક પ્રાન્ત ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, સિન્ધ તથા અરબ દેશોમાં પણ તેમણે પરમધામના અલૌકિક બ્રહ્મજ્ઞાનનો રસ વરસાવ્યો.

સર્વ પ્રથમ વિ.સં. ૧૭૧૮માં તેમણે જૂનાગઢના શાસ્ત્રાર્થ મહારથી 'હરજી વ્યાસ' ને પોતાના અલૌકિક જ્ઞાનથી નતમસ્તક કર્યા. ભાગવતના આ એક પ્રશ્નનો જવાબ હરજી વ્યાસ આપી શકયા ન હતા કે 'અક્ષર બ્રહ્મનું તે અખંડ નિવાસ(મહેલ) ક્યાં છે ?'



Shri Prannath Ji Pustkalay

આના પછી શ્રી પ્રાણનાથજી દીપ બંદર કચ્છ, મંડઈ, કપાઈએ અને ભોજનગરમાં આત્માઓને જાગૃત કરતા કરતા ઠઠ્ઠાનગર આવ્યા, જ્યાં કબીરપંથના આચાર્ય ચિંતામણિજી શિષ્યોની સાથે જાગૃત થયા, જેમના એક હજાર શિષ્યો હતા. ત્યાર પછી શેઠ લક્ષ્મણદાસ પણ જાગૃત થયા, જેમનો ૯૯ વહાણોથી વેપાર થતો હતો. તેઓ જ પાછળથી શ્રી લાલદાસજીના રુપમાં પ્રસિદ્ધ થયા.

આ પછી શ્રીજી (શ્રી પ્રાણનાથજી) અરબ દેશોમાં ગયા, ત્યાં તેમણે મસ્કત બંદર તથા અબાસી બંદરમાં હજારો આત્માઓને જાગૃત કરી. અબાસી બંદરમાં ધન, માંસ અને શરાબ (દારૂ)માં ડૂબી રહેનારા ભૈરવ ઠક્કર જેવા વ્યક્તિએ પણ શ્રીજીની કૃપા દ્રષ્ટિથી પારબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરી લીધો.

વિ.સં. ૧૭૨૮ માં શ્રી પ્રાણનાથજી અરબથી પાછા ભારત ઠઠ્ઠાનગર (હાલનું કરાંચી) આવી ગયા. આના પછી સુરતમાં સત્તર મહિના રહ્યા, જેમાં શ્યામભટ્ટ જેવા વેદાંતના આચાર્ય અને ગોવિંદજી વ્યાસ સાથે સેંકડો લોકોએ પોતાની આધ્યાત્મિક તરસ (પ્યાસ) સંતોષી. સુરતથી જ ઘણા સુંદરસાથે પોતાનાં ઘરબાર હંમેશાં માટે છોડી દીધાં અને શ્રી પ્રાણનાથજીના સાથે જાગણી અભિયાન માટે નીકળી પડ્યા.

સુરતથી સિદ્ધપુર થઈ શ્રી પ્રાણનાથજી મેડતા પહોંચ્યા. ત્યાં મુલ્લાના મુખેથી બાંગ સાંભળીને તેમણે હિન્દુ - મુસ્લિમના મતોનું એકીકરણ કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો. ઔરંગઝેબ બાદશાહને કુરાનની હકીકત અને મારફતના જ્ઞાન દ્વારા શરીયતથી દૂર કરવાના ઉદેશ્યથી તે દિલ્હી પહોંચ્યા, પરંતુ મુલાકાત ન થવાને કારણે વાત થઈ શકી નહિ. ફરીથી દિલ્હીથી વિ.સં. ૧૭૩૫માં તે હરિદ્વારના મહાકુંભમાં સામેલ થયા, જ્યાં વૈષ્ણવોના ચારેય સંપ્રદાયો, દશનામ સન્યાસ મત તથા ષટ દર્શનોના આચાર્યોની સાથે તેમનો શાસ્ત્રાર્થ થયો. જેમાં બધાએ હાર માનીને તેમને **શ્રી વિજયાભિનંદ બુદ્ધ નિષ્કલંક** માનીને તેમના નામની ધજા ફરકાવી તથા બુદ્ધજીના શાકાને પણ ચાલુ કર્યો.

હરિદ્વારથી શ્રીજી ફરીથી દિલ્હી આવ્યા અને ઔરંગઝેબને 'કયામત



Shri Prannath Ji Pustkalay

જાહેર થઈ ગઈ છે' તેવો સંદેશો મોકલવાનો પ્રયાસ કરવામાં આવ્યો. દિલ્હીથી અનૂપ શહેર આવતા સમયે 'સનંધ' ગ્રંથની વાણી પણ ઉતરી. દિલ્હીમાં બાર સુંદરસાથને ઔરંગઝેબની પાસે મોકલ્યા, પરંતુ બાદશાહના અધિકારીઓએ તે બાર (૧૨) સુંદરસાથની સાથે ખૂબ જ કષ્ટદાયક વ્યવહાર કર્યો, જ્યારે બાદશાહે તો તેમને સમ્માનપૂર્વક રાખવાનું કહ્યું હતું.

આના પછી શ્રી પ્રાણનાથજીએ ઔરંગઝેબ બાદશાહના અત્યાચારનો વિરોધ કરવા માટે ઉદયપુર, ઔરંગાબાદ, રામનગર વગેરેના રાજાઓને જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પરમધામનો અંકુર (નિસબત) ન હોવાને કારણે કોઈ જાગૃત થઈ શક્યું નહિ. અંતે શ્રીજી પદ્માવતીપૂરીધામ, પન્ના આવ્યા. જ્યાં મહારાજા છત્રસાલજીએ તેમને પૂર્ણબ્રહ્મનું સ્વરુપ જાણીને આરતી ઉતારી તથા પોતાનું તન, મન, ધન તેમની ઉપર ન્યોછાવર કરી દીધું. શ્રી પ્રાણનાથજીની કૃપા દ્રષ્ટિથી પન્નાની ધરતી હીરા આપવા લાગી અને બાવન (૫૨) યુદ્ધોમાં શ્રી મહારાજ છત્રસાલજીએ વિજય પ્રાપ્ત કર્યો. આ સમય સુધી લગભગ ૫૦૦૦ ની સંખ્યામાં એવા સુંદરસાથ હતા કે જે પોતાનું ઘરબાર છોડીને શ્રીજીના ચરણોમાં સમર્પિત થઈ ગયા હતા અને રાત-દિવસ અલૌકિક બ્રહ્મજ્ઞાનની ચર્ચાના રસમાં ડૂબેલા રહેતા હતા.

હરિદ્વારના આ શાસ્ત્રાર્થમાં શ્રી પ્રાણનાથજીએ બ્રહ્મમુનિઓની જે પદ્ધતિ બતાવી છે તે માહેશ્વર તંત્રમાં વર્ણવેલ છે, જે આ પ્રમાણે છે.

ભગવાન શંકર પાર્વતીજીને કહે છે કે હે સુંદરી ! બ્રહ્માનંદ રસને જાણવાવાળી તથા બ્રહ્મજ્ઞાનીયોમાં સર્વશ્રેષ્ઠ બ્રહ્મસૃષ્ટિઓની પદ્ધતિ હું તમને કહું છું, તે તમે સાંભળો. ગોત્ર ચોક્કસ જ ચિદાનન્દ કહેવામાં આવ્યું છે. આનંદમય પારબ્રહ્મ જ સદ્ગુરુ છે. શિખા જ્ઞાનમયી કહેવામાં આવી છે અને સૂત્ર અક્ષરબ્રહ્મ છે. કિશોર સ્વરુપવાળા પારબ્રહ્મની અહ્લાદિની શક્તિ શ્યામાજી જ ઈષ્ટ છે અને પુરુષોત્તમ અક્ષરાતીત પૂજનીય છે, જેમને પ્રાપ્ત કરવાનું એક માત્ર સાધન 'પતિવ્રતા સાધન' (પ્રેમલક્ષણા ભક્તિ) છે. નિત્ય વૃન્દાવન જ સુખવિલાસનું સ્થાન માનવામાં આવે છે. પારબ્રહ્મના યુગલ સ્વરુપનો જાપ અને મંત્ર તારતમજ્ઞાનને કહેવામાં આવ્યું છે. બ્રહ્મવિદ્યા જ દેવી



Shri Prannath Ji Pustkalay

છે, તથા પૂર્ણબ્રહ્મ જ સનાતન દેવ છે. ગોલોકને શાળા અને અખંડનું દ્વાર કહેવામાં આવ્યો છે. સ્વસંવેદ (આત્મવેદ) તારતમ વાણી જ વેદ છે, જેના અનુકરણનું ફળ અખંડમાં નિત્ય વિહાર છે. બેહદથી પરે દિવ્ય બ્રહ્મપુર ધામ છે. સદ્‌ગુરુ (પારબ્રહ્મ)નાં ચરણ જ ક્ષેત્ર છે જે બધાંને શુદ્ધ કરવાવાળા છે. પરમધામની અખંડ યમુનાજી જ તીર્થ છે. એકમાત્ર અનન્ય પ્રેમલક્ષણા ભક્તિ જ માન્ય છે. મહાવિષ્ણુ જ ઋષિ છે. બધાં શાસ્ત્રોના અદ્ભૂત સારરુપ શ્રીમદ્ ભાગવત (રાસ)નું શ્રવણ કરવાનું માનવામાં આવે છે. જાગૃત સ્વરુપવાળું જ્ઞાન (શ્રી પ્રાણનાથજીએ આપેલ) જ ગ્રાહ્ય છે. પરમધામમાં પારબ્રહ્મનું આનંદ સ્વરુપ જ કુળ (વંશ) છે. જેમનાં અંગ રુપ બધાં
બ્રહ્મમુનિ છે. પારબ્રહ્મ પરમાત્માના આનંદ સ્વરુપ આત્માઓ દ્વારા ઉજાગર કરેલ
સંપ્રદાય ચિદાનંદ (નિજાનંદ) છે. આ રીતે બ્રહ્મમુનિઓની આ 'પુરુષોત્તમ' નામની પદ્ધતિ કહેલી છે. હે સુંદરી ! આપના નિજ-સ્વરુપના સાક્ષાત્કાર માટે આ પદ્ધતિ પ્રમાણે આચરણ કરવું જોઈએ.

તે સમયે લગભગ આખા દેશ પર ઔરંગઝેબનું શાસન (સામ્રાજય) હતું. તે ઈસ્લામ ધર્મની આડમાં જબરજસ્તીથી ધર્માન્તર કરાવવામાં માનતો હતો. તેમ છતાં પણ ઔરંગઝેબ કુરાનનો ખૂબ મોટો વિદ્વાન હતો, તે પણ શરીયતના કાજીઓના દબાણના કારણે તે હિન્દુઓ પ્રત્યે ખૂબ જ વધુ ઘૃણાનો ભાવ રાખતો હતો.

થોડાક સમય સુધી ઔરંગઝેબના અધિકારીઓના માધ્યમથી બાદશાહ ને મળવાનો પ્રયત્ન કર્યો, પરંતુ સફળતા મળી નહિ. અંતમાં ૧૨ (બાર) સુંદરસાથ (લાલદાસ, શેખ બદલ, ભીમભાઈ, ચિંતામણિ, ખિમાઈભાઈ, ચંચલદાસ, નાગજીભાઈ, સોમજીભાઈ, કાયમમુલ્લા, દયારામ, બનારસી, ગંગારામ) મુસલમાન ફકીરોના વેશમાં જામા મસ્જિદમાં જઈને સનંધ (વાણી) ગાવા લાગ્યા. જામા મસ્જિદના શાહી ઈમામે તેમની મુલાકાત ઔરંગઝેબ બાદશાહની સાથે કરાવી દીધી.

આ સુંદરસાથે બાદશાહને કયામતને પ્રગટ થવાની અને ઈમામ



Shri Prannath Ji Pustkalay

મહેંદીના જાહેર થવાના સંબંધમાં એકાન્તમાં વાત કરવાનું કહ્યું. ઔરંગઝેબ સ્વયં આંતરિક રીતે ઈમામ મહેંદીને મળવાનું ઈચ્છતા હતા, પરંતુ શરીયતના દબાણમાં તે એકાંતમાં મળી શક્યા નહિ. બાદશાહના કાજી શેખ ઈસ્લામના ઈશારે કોતવાલ સીદી પૌલાદ દ્વારા તે બાર (૧૨) સુંદરસાથને ખૂબ જ દુઃખ આપવામાં આવ્યું. આ વાતની જાણકારી મળતાં શ્રીજી ખૂબ જ દુઃખી થયા અને મહાપ્રલય માટે મન બનાવી લીધું, પરંતુ પારબ્રહ્મની પ્રેરણાથી જાગણી લીલાનો સમય વધારી દીધો.

જો કે કાજી શેખ ઈસ્લામે પોતાની ભૂલને સ્વીકારી લીધી, પરંતુ તેણે સ્પષ્ટ કહી દીધું કે તમારા દ્વારા કુરાનની આપેલી સાક્ષીઓથી અમે એ સ્વીકાર કરીએ છીએ કે કયામતનો સમય આવી ગયો છે તથા ઈમામ મહેદી પ્રગટ થઈ ગયા છે, પરંતુ અમે તેને અત્યારે જાહેર કરી શકીએ નહિ, કારણ કે એવું થવાથી ઈસ્લામી શરીયતનું રાજ્ય સમાપ્ત થઈ જશે. ઔરંગઝેબ પણ આજ ડરથી શ્રી પ્રાણનાથજીના ચરણોમાં આવી શકયો નહિ, કારણ કે તેમને ડર હતો કે જો તે એવું કરે તો શરીયતને માનવાવાળા મુસલમાન તેમને પણ મારી નાખશે. મક્કા-મદીનાથી આવેલા વસિયતનામાએ તથા કાલપીના મૌલવીઓએ લખેલ મહજરનામા (સ્વીકૃતિ પત્રો) થી તેમને વિશ્વાસ તો થઈ ગયો હતો કે ઈમામ મહેંદી જાહેર થઈ ગયા છે, પરંતુ શરીયત અને ભયના કારણે શ્રીજીના શરણમાં આવવું તેમના માટે સંભવ થઈ શક્યું નહિ, જેનો તેમને મૃત્યુના સમય સુધી પશ્ચાતાપ રહ્યો. આનાથી વધારે મુગલ સામ્રાજ્યના પતનના રહસ્યની પણ તેમને ખબર પડી ગઈ હતી.

સમગ્ર ઈસ્લામી જગત કયામતને પ્રગટ થવાની રાહ જોઈ રહ્યો છે. કુરાનમાં વર્ણવેલા શબ્દોનો બાહ્ય અર્થ લેવા માત્રથી વાસ્તવિક સત્ય જાણી શકાતું નથી. તારતમ જ્ઞાનની દૃષ્ટિથી જોતાં અગિયારમી સદીમાં જ કયામતને પ્રગટ થઈ જવાની વાત સ્પષ્ટ થઈ જાય છે. કયામતના સાત નિશાન સંક્ષેપમાં આ પ્રકારે છે.

૧. આજૂજ માજૂજનું પ્રગટ થવું.
૨. દાભ્તુલ અર્જ જાનવરનું પ્રગટ થવું.
૩. સૂર્યનો પશ્ચિમ (મગરબ) માં ઉદય થવો.
૪. ગધેડા ઉપર કાણા દજ્જાલનું સવાર થવું.
૫. ઈસા રુહ અલ્લાહનું આવવું.
૬. અસરાફીલ ફરિસ્તાનું આવવું.



Shri Prannath Ji Pustkalay

૭. ઈમામ મહેંદીનું પ્રગટ થવું.

સંક્ષેપમાં તેમની વ્યાખ્યા આ પ્રકારે છે.

આજૂજ દિવસને તથા માજૂજ રાત્રિને કહે છે. દિવસમાં માણસોની વૃત્તિયો સો (૧૦૦) તરફ દોડે છે. એટલા માટે આજૂજને સો ગજનો લાંબો કહ્યો છે. રાત્રિને માજૂજ કહેવામાં આવે છે. તેને એક ગજનો એટલા માટે માનવામાં આવે છે કે રાત્રે સૂઈ જવાને કારણે મનની વૃત્તિયો એક તરફ થઈ જાય છે. જીવે ધારણ કરેલ આ પંચ ભૌતિક શરીર જ અષ્ટ ધાતુ (રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર અને ઓજ) ની દિવાલ છે. સવાર, બપોર અને સાંજ તેમની ત્રણ સેનાઓ છે. આજૂજ માજૂજ નિરંતર બધાની ઉંમર હરણ કરી રહ્યા છે. જ્યારે ખુદા (પરમાત્મા)ના હુકમથી મહાપ્રલય થશે તો આ દુનિયામાં કંઈપણ બચશે (બાકી રહેશે) નહિ. અર્થાત્ આજૂજ માજૂજ રૂપી કાળ દ્વારા સાંસારિક પ્રાણીઓની ઉંમર રુપી દીવાલને તોડી દેવામાં આવશે. કુરાનનો ૧૬મો પારાઃ આયાત ૯૪માં આજૂજ-માજૂજનું વર્ણન છે.

કુરાનનો પારાઃ ૨૦ આયત ૮૨માં દાભતુલ અર્જ જાનવરનું વર્ણન છે, જેનો ગુહ્ય અર્થ આ પ્રકારે છે. - કયામતના સમયમાં મનુષ્યનો ચહેરો તો એવો જ રહેશે પરંતુ તેની વૃત્તિ પશુઓ જેવી થઈ જશે, અર્થાત્ તેની છાતી વાઘની જેમ કઠોર થઈ જશે. પહાડી બળદની જેમ તેનામાં બધાની સાથે ઝઘડવાની વૃત્તિ હશે. કૂકડાની ડોકની જેમ તેમાં અક્કડપણાનો સ્વભાવ હશે, અર્થાત્ તેનામાં વિનમ્રતાનું નામોનિશાન પણ હશે નહિ. ભૂંડની જેમ તેની દ્રષ્ટિ ફક્ત ગંદકીરૂપી વિકારોની તરફ જ હશે. ધર્મ અને પરોપકારના કાર્યોમાં તે ગીધની પીઠ જેવો કમજોર હશે, હાથીના કાનની જેમ તે ખરાબ વાતોને જ વધારે ધ્યાનથી સાંભળશે.

જ્યારે પારબ્રહ્મનું જ્ઞાન (તારતમ્ય જ્ઞાન) હિન્દુ તનમાં (પૂર્વમાં) આવ્યું તે પશ્ચિમ (મુસલમાનો) માટે તે અંધારા જેવું જ રહ્યું. જાહેરી (દેખાતા) સૂર્યનું પશ્ચિમમાં ઊગવું અસંભવ છે. અહિંયાં પરમધામના જ્ઞાનરુપી સૂર્યની વાત છે, જે સૌથી પહેલાં અરબમાં ઊગ્યો. તે પૂર્વની દિશા તેમના માટે થઈ. હવે પરમધામના જ્ઞાનરુપી મારફતનો સૂર્ય ઈમામ મહેંદી-શ્રી પ્રાણનાથજીના સ્વરુપમાં હિન્દુ તનમાં પ્રગટ થયો છે, એટલે મુસલમાનોને માટે તે પશ્ચિમ દિશામાં (વિપરીત તનમાં) કહેવામાં આવ્યો છે. તેમના માટે પ્રકાશ વગરનો સૂર્ય એટલા માટે કહેવામાં આવ્યો છે, કે શરીયત(કર્મકાંડ)ના બંધનોમાં રહેવાવાળા મુસલમાનો હિન્દુ તનમાં પ્રગટ થનાર ઈમામ મહેદીના સ્વરુપની ઓળખાણ કરી શકશે નહિ.



Shri Prannath Ji Pustkalay

નિરાકારને જ ગધેડો કહેવામાં આવ્યો છે, જેના ઉપર અજાજીલ સવાર થઈને બેઠો છે. અજાજીલના જ મનની શક્તિ અબલીસ(દજ્જાલ)છે. કુન્નની આ દુનિયા અજાજીલની બનાવેલી છે, જેના દિલ અને આંખો પર અબલીસ (દજ્જાલ) તથા અજાજીલની રાજાશાહી છે. અબલીસને વશીભૂત હોવાથી મનુષ્ય ધર્મગ્રંથોનાં ગુહ્ય અર્થને સમજી શકતો નથી અને ઈમામ મહેંદીની ઓળખાણ પણ કરી શકતો નથી, કારણ કે તેમની આંતરિક આંખો નથી. એટલા માટે તેને એક આંખથી કાણો કહેવામાં આવ્યો છે.

તફસીર હુસૈની ભાગ-૧ ના પાન નં. ૧૯૩માં ઈસા રુહ અલ્લાહના પ્રગટ થવાની વાત કહેવામાં આવી છે. એવી જ રીતે તફસીર હુસૈની ભાગ-૨ ના પાન નં. ૪૧ અને ૨૨૦ પર અસરાફીલના સૂર ફૂંકવાનો પ્રસંગ છે. ઈમામ મહેંદીની અંદર જ અસરાફીલ હશે, એવું સ્પષ્ટ કતેબ ગ્રંથોની માન્યતા છે.

આવી રીતે કયામતના સાતેય નિશાનોની આ સંક્ષેપ વ્યાખ્યા થઈ.

શ્રી પ્રાણનાથજી પાંચ હજાર સુંદરસાથની જમાત (સંખ્યા) સાથે શ્રી પન્નાજી પહોંચ્યા. તે સમયે મહારાજા છત્રસાલજી મઊ સહાનિયામાં હતા. અફગનખાનના આક્રમણના લીધે છત્રસાલજીના આગ્રહને કારણે શ્રીજીને સ્વયં કેટલાક સુંદરસાથની સાથે મઊ જવું પડ્યું. શ્રીજીની કૃપા દ્રષ્ટિથી જ શેખ અફગનખાનની વિશાળ સેનાની વિરુદ્ધ અસંભવ લાગતો વિજય છત્રસાલજીને પ્રાપ્ત થઈ શક્યો.

છત્રસાલજીએ મહારાણીની સાથે શ્રીજીની પાલખીને સ્વયં ઊઠાવીને મહેલમાં પધરાવી. ચોપડાની હવેલીમાં છત્રસાલજીએ શ્રીજી અને બાઈજુરાજને સાથે સિંહાસન પર બેસાડી સાક્ષાત પૂર્ણબ્રહ્મના રુપમાં આરતી ઉતારી અને બધાંની સામે સ્પષ્ટ રુપથી કહી દીધું કે જે કોઈ તેમને અક્ષરાતીત માનવામાં શંકા રાખે છે, તે પરમધામની બ્રહ્મસૃષ્ટિ જ નથી. છત્રસાલની આવી નિષ્ઠા જોઈને શ્રી પ્રાણનાથજીએ તેમને હુકમની શક્તિ આપી દીધી તથા તિલક કરીને મહારાજા જાહેર કરી દીધા. આ શ્રી પ્રાણનાથજીની કૃપાનું જ ફળ હતું કે બાવન લડાઈઓમાં તે હંમેશા વિજયી જ રહ્યા.

મહારાજા છત્રસાલજીના કાકા બલદીવાન સહિત કેટલાક લોકોના મનમાં શ્રી પ્રાણનાથજીના સ્વરુપના સંબંધમાં સંશય હતો, જેને દૂર કરવા માટે કુરાન અને વેદ - શાસ્ત્રોના વિદ્વાનોને બોલાવવામાં આવ્યા. મહોબાના કાજી



Shri Prannath Ji Pustkalay

અબ્દુલ રસુલની સાથે શ્રીજીની કુરાન પર ચર્ચા થઈ. પાંચ પ્રકારની પેદાઈશના પ્રશ્નના સંબંધમાં કાજીએ હાર માનીને શ્રી પ્રાણનાથજીના ચરણોમાં પ્રણામ કર્યા અને કુરાનને માથા ઉપર મુકીને સોગંદ ખાતાં કહ્યું કે શ્રીપ્રાણનાથજી જ કયામતના સમયમાં આવવાવાળા આખરુલ જમાં ઈમામ મુહમ્મદ મહેંદી (ખુદા) છે.

આવી રીતે સુપ્રસિદ્ધ વિદ્વાન બદ્રીદાસજીએ પણ શાસ્ત્રાર્થમાં હાર માનીને તેમને શ્રી વિજયાભિનન્દ બુદ્ધ નિષ્કલંક સ્વરૂપ' માન્યા. શ્રી પ્રાણનાથજીએ મહારાજા છત્રશાલજીને એ આશીર્વાદ આપ્યા કે આજ સવારથી સાંજ સુધી તમે તમારા ઘોડા પર બેસી રાજ્યની જેટલા ભાગની ધરતી પર ઘોડો દોડાવશો તેટલા ભાગની ધરતીમાંથી હીરા ઉપજશે. આવી અલૌકિક ચમત્કારિક ઘટનાઓ શ્રી પન્નાજીમાં આજે પણ દેખાય છે. લગભગ દસ વર્ષ સુધી શ્રી પ્રાણનાથજીની કૃપાથી
પન્નાજીમાં પરમધામનો આનંદ વરસતો રહ્યો. બધાંએ એવું માન્યું કે અમારી વચ્ચે
પારબ્રહ્મની જ લીલા ચાલી રહી છે. આજે પણ શ્રી પન્નાજીના ઘુમ્મટજી મંદિરમાં શ્રી પ્રાણનાથજી (શ્રીમહામતિજી) ધ્યાનાવસ્થામાં બિરાજમાન છે.



Shri Prannath Ji Pustkalay

# श्री पूर्णब्रह्म अक्षरातीत का

# ॥ परमधाम ॥

झरोखे सामी नजर करें, परनाम करके पीछे फिरें ।
इत और ना दूजा कोए, सरुप एक है लीला दोए ।।
परि.: ३/९८

केल लिबोई अनार, बाईं तरफ खूबी देत ।
जांबू नारंगी बट दाहिने, नूर सनमुख सोभा लेत ।।
दोऊ पुल सात घाट बीच में, पाट घाट बिराजत ।
बीच दौड़े दरबार के, बन अंबर जोत धरत ।।
परि.: ३४/११,२०




धाम तालाब कुंज बन जोहें, माणिक नेहेरें बन की सोहें ।
पश्चिम चौगान बड़ो बन कहिए, यों पुखराज जमुना जी लहिए ।
आठों सागर आठ जिमी के, ये पच्चीस पक्ष हैं धाम धनी के ।

भगवान जी खेलत बाल चरित्र, आप अपनी इच्छा सों प्रकृत ।
कोट ब्रह्मांड नजरों में आवें, खिन में देखके पलमें उड़ावे ।।
परि.: ३/९९

नूर नीर खीर दधि सागर, घृत मधु एक ठौर ।
रस सब रस सागर, बिना मोमिन न पावे कोई और ।।

दो दरिया बीच एक जिमी, दो जिमी बीच दरिया एक ।
यों आठ दरिया बीच आठ जिमी, गिन तरफ से इन विवेक ।।
परि.: ४३/६०, ६१

एक पात बिरिख को ना गिरे, ना खिरे पंखी का पर ।
ना होए नया कछू अर्स में, जंगल या जानवर ।।
अर्स खावंद है एकला, आपै हक जात ।
बिना कुदरत कादर की, क्यों पाइए सिफात ।।
खु.: १७/९,१२

न अर्स जिमिएँ दूसरा, कोई और धरावे नाऊ ।
ए लिख्या वेद कतेब में, कोई नाहीं खुदा बिन काहूं ।।
खु.: १६/८३

Shri Prannath Ji Pustkalay